અમંકાર દ્વારા પર અવતરજો

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

## પરમ શક્તિ મંત્ર

## ૐ મા ૐ

ૐ
મા
ૐ




## રાજ્યોગી નરેન્દ્રજી

ૐ
મા
ૐ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ૐ ।।

(વર્ષ ૧૭) ઓક્ટોબર - ૧૯૯૮ (અંક ૨)

Scanned by CamScanner

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૧૭ અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોમ્બર ૧૯૯૮

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા દસ (૧૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | પૂજ્ય રાજયોગીજીનો જન્મદિન........... | ૧ |
| | (૧) 'માતાજીએ મને જગાડ્યો'-સાક્ષાત્કાર | ૧ |
| | (૨) સેવાદિન ........................... | ૧ |
| | (૩) માનવતા દિન ..................... | ૧ |
| | (૪) અમકાજ ધરા પર અવતરજો........ | ૨ |
| ૨. | આશીર્વચન ........................... | ૫ |
| | (૧) પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ ..... | ૫ |
| | (૨) પરમાત્માનાં પાગલ પ્રેમી ........... | ૬ |
| ૩. | ગુરૂપૂર્ણિમા ................................ | ૯ |
| | (૧) પ્રશ્નોત્તરી ........................... | ૧૨ |
| | (૨) માનવતાની માસ્ટર કી ............... | ૧૯ |
| ૪. | જન્માષ્ટમી પૂ. રાજયોગી .................. | ૨૩ |
| | (૧) कर्मळ्ये वाधिका रस्ते ............... | ૨૩ |
| | (૨) કનૈયા, કામણ કેવું કીધું ............ | ૨૫ |
| ૫. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા ............ | ૨૬ |
| ૬. | ચરણને આવરણ ........................ | ૨૭ |
| ૭. | અહમની પ્રશ્નોત્તરી ...................... | ૨૮ |
| ૮. | સમાચાર .................................. | ૩૨ |
| ૯. | પૂ. રાજયોગીજીનો વિદેશ કાર્યક્રમ....... | ટાઈટલ-૩ |
| ૧૦. | પૂ. રાજયોગીજીનો વિદેશ કાર્યક્રમ....... | ટાઈટલ-૪ |


ૐ મા ૐ



મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૩૭૮૫૦૦

Scanned by CamScanner

# માનવતા દિન - પૂ. રાજયોગીજીનો જન્મદિન

## માતાજીએ મને જગાડ્યો

(સાક્ષાત્કાર)

તા. ૩-૯-૯૮ ગુરૂવારે રાતે ૧-૧૫ વાગે હું મારી રૂમમાં પલંગમાં સૂતો હતો. માતાજીએ વાત્સલ્ય સભર મૃદુ હસ્ત પસરાવી મને વહાલ કરતાં હતાં. હું જાગી ગયો. જોયું તો માતાજી સ્વયમ્ પલંગ પર બેસીને મને વહાલ કરતાં હતાં. માતાજીના મુખારવિંદ અને સમસ્ત અસ્તિત્વના પ્રકાશથી સમસ્ત વાતાવરણમાં દિવ્ય પ્રકાશ છવાઇ ગયો હતો અને ગુલાબની સુવાસ પ્રસરી રહી હતી.

હું પલંગમાં બેસી ગયો, માતાજી મારી પાસે આવીને બેઠાં. મૃદુ હાસ્ય વેરતાં, વહાલ કરતાં, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપ્યું, કંઇ કેટલીયે વાતો કરી. ઘડિયાળમાં બે વાગ્યા હતા. માતાજી મને કહે, "તું સૂઇ જા." અને માતાજી ઉઠીને પલંગમાં બીજી બાજુએ જઇને બેઠાં. માતાજીના આદેશ અનુસાર હું પલંગમાં તેઓશ્રીની બાજુએ જ પડખું ફેરવીને સૂઇ ગયો માતાજીએ મારા શરીર પર વાત્સલ્ય સભર હસ્ત પસરાવી મને ઊંઘાડી દીધો.

માતાજી ક્યારે અંતરધ્યાન થઇ ગયાં તે મને સમજાયું નહિં. સવારે ૪-૦૦ વાગે જાગી ગયો ત્યારે પણ માતાજીના વાત્સલ્યનો મીઠો રોમાંચ મારા શરીરમાં પ્રસરી રહ્યો હતો. મારા કપડામાંથી, પલંગની ચાદરમાંથી ગુલાબની સુવાસ આવતી હતી.

માતાજીએ ફોટા નીચે રાખેલ ટેબલ પર બદામની ઢગલી પધરાવી હતી.

## સેવાદિન ઉત્સવ

તા. ૪-૯-૯૮ નિલોષા પર પૂ. રાજયોગીજીએ કાર્યયજ્ઞ શરૂ કર્યાને ૧૯ વર્ષ પૂરાં થયાં અને વીસમાં વર્ષમાં પ્રવેશ કર્યો, નિલોષા તીર્થભૂમિ બની ગઇ છે. નિલોષા દંપત્તિ ઉષાબેન અને નલિનકાંતભાઇ આ દિવસને નિલોષાના જન્મદિન તરીકે ઉજવે છે. મા ભગવતી આ દિવસે જ ૯ (નવ) વર્ષ પહેલાં નિલોષા પર પધાર્યા હતાં તેથી દર વર્ષે માતાજી તેઓશ્રીનું કાર્યાલય જોવા, મઠારવા અને કાર્યકર્તાઓને આશીર્વાદ આપવા અને કાર્યયજ્ઞના સંચાલક પૂ. રાજયોગીજીને પ્રત્યક્ષ નિહાળવા પધારે તેવી નિલોષા દંપત્તિ અને કાર્યકર્તાઓની પ્રાર્થના હોય છે જ. અને ભાવભીની પ્રાર્થનાના પ્રતિસાદ રૂપે માતાજી મુલાકાતની રૂમમાં પધારી પ્રસાદ આરોગે છે અને પ્રસાદ આપે છે અને પધરામણીના એંધાણ વર્તાવે છે.

આજે માતાજીએ ૧૧-૩૦ વાગે મુલાકાતની રૂમમાં ધરાવેલ પ્રસાદ, ખીચડી અને માખણ તેમજ બુંદીનો લાડુ, બદામનો ભૂકો, મુખવાસનો ભૂકો, દૂધ અને જળ આરોગ્યાં હતાં અને ભેટ રૂપે ૨૦ બદામ ટેબલ પર પધરાવી હતી.

માતાજીએ સ્વયમ્ પ્રસાદ લીધો હતો અને રાજયોગીજીને ઇશારતથી ખુરસીમાં બેસી રહેવા જ જણાવ્યું હતું.



Scanned by CamScanner

# સેવાદિન

ઓ નિલોષા ! શું ઇતિહાસ લખું તારો !
તું છે, હું છું, છે માત સામને
વિતાવ્યાં વર્ષો ઓગણીસ સાથમાં
આજ આવી ઉભાં વીસીના મંગલ પ્રભાતે
લાખો મનુજો શરણે તારા જાતા
તું છે શાતા દાતા, ને દુઃખી દિલનો વિસામો.
તું છે હોસ્પીટલ મનુજોની.
રડતાં રડતાં આવે
હસતાં હસતાં જાયે.
નહિં ઇન્જેકશન, નહિં વાઢકાપ
કે નહિં લક્ષ્મીનો વિનિયોગ.
આ છે એક અજાયબી તારી
માતની અમી આંખડી થકી
ટુકડી કાર્યકર્તાઓ તણી દરરોજ હાજર થાયે
મૂક આશિષ મળે માતની
કાર્યકર્તાઓ બહુ હરખાય
નલીન - ઉષા બેલડી ઝૂમે આનંદથી
હું અર્પું આશિષ
માત વતી સર્વને.

## અમ કાજ ધરા પર અવતરજો !

**(રાગ : હે જગજનની તારા બાળકુંવરની...)**

**મુંજાલ દવે**

હે જગવંદન ! જગ કાજ તમારા અવતરવાનું પર્વ હશે,
મા પરમ શક્તિને હૃદય અનેરો હર્ષ - હેત ને ગર્વ હશે,
આ પરમ પર્વની પાવન પળમાં ભક્ત અરજ હૃદયે ધરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૧

કોઇ પરસનજનની ઉદર વિશે તવ તેજ સદા સાકાર થજો,
કોઇ બાપુલાલના લોચનિયે નિત હર્ષાશ્રુની ધાર થજો,
કોઇ ગોધરતીને ગોકુળ કરવા અવનિ પર ચરણો ધરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૨



Scanned by CamScanner

જગ કામ - ક્રોધ - મદ - મોહ - લોભ ને મત્સરમાં ચકચૂર બને,
દુ:ખ - દાહ - દર્દ - ભય - શોક - રોગના ભંડારો ભરપૂર બને,
ત્યારે રાજ ! રખોપું નિજ ભક્તોનું માનુષ દેહ ધરી કરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૩

જે પુષ્પકુંજ આવાસ 'શાસ્ત્રીજી' શ્વાસ થકી મહેંકી ઉઠ્યો,
ને 'નિલ - ઉષા' ના આંગણમાં એક માતમયૂર ગહેકી ઉઠ્યો,
'શ્રધ્ધેય' પરમ ! હે ગરવા ઠાકર ! સ્નેહ સુરભિ અમ ઉર ભરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૪

'મા' ના પાયલનો ઝણકાર થજો, 'મા' ના હૈયાનો ધબકાર થજો,
'મા' ની હૃદય - વીણાનો તાર થજો, 'મા' નો બાળરૂપ ૐકાર થજો,
'મા' ના અધરો પરનું સ્મિત બની હે બાળ ! બધે જગમાં ફરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૫

છે આશ હૃદયમાં **संभवामि** નો નાદ સદા સાંભળવાની,
લૈ પ્રેમ તણા પૌંઆની પોટલી - હામ હરિને મળવાની,
અમ આંખેથી કેદાર વહે ત્યારે માતમેહૂલા ! ઝરમરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૬

જ્યારે સદ્‌ગુણ - દુર્ગુણ હૃદય તણા રત્નાકરનું મંથન કરતાં,
મન મંદરગિરિ - વિચારવાસુકિ થકી સુધા - શોધન કરતા,
હર થજો હળાહળપાન કાજ, હરિ ! મોહિની થૈ અમૃત ધરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૭

તમે રામરૂપમાં ધર્મ તણું ધરી ધનુષ અસુર ઘમ રોળ્યા છે,
અમ ભક્તિ હરણ કરનાર રાગના રાવણ રણમાં રોળ્યા છે,
તમે જન્ - જન્ કોઇ કેવટ - શબરી કાજ જીવનવન સંચરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૮

હે વાસુદેવ ! આ વિશ્વ વિશે વહેતું વેણુ - ગીત આપી દો,
ને ૐ મા ૐ એ નાદબ્રહ્મનું અવિરત સંગીત આપી દે,
ને જનમ - જનમ વનરાવનમાં પ્રીત મયૂર - પીચ્છની પાંગરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૯

મન પ્રેમ દીવાની મીરાં બની જ્યારે વિરહ કટોરા અધર ધરે,
ગિરિધર નાગર ! તવ પ્રણય પીવા પગ ઘુંઘરું બાંધીને નૃત્ય કરે,
'દૂસરો ન કોઇ' કહી પોકારું નટવર ! નરેન રૂપમાં મળજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૧૦



Scanned by CamScanner

અમ કર ઝાલી નવ સૂત્રોના સોપાન ચડાવી દયો બાપુ !
પળ - પળ અમને વ્રત માનવતાનું આપ પળાવી દયો બાપુ !
ભલે થશે કસોટી કિન્તુ કૃપાતણા થકી અમને કરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૧૧

ઇશ્વર આવ્યો છે હાથ આજ જો એક એ જ વરદાન મળે,
કે રાજયોગી સદ્ગુરૂ સ્વરૂપે ભવ - ભવ આ ભગવાન મળે,
હે મયૂરરાજ ! અવતાર કળામાં કોઇ પીછું ના વિસરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૧૨

અમે ભાવભીની અમ આંખોમાં આજ રાજસપ્તમી ઉજવીશું,
મહારાજયોગી ! અમે જનમ - જનમ બસ આ જ સપ્તમી ઉજવીશું,
પ્રગટી અમ રાજ - વિરહમાં બળતાં હૃદય 'મુંજ' 'શીતલ' કરજો,
હે રાજયોગીજી ! યુગે - યુગે અમ કાજ ધરા પર અવતરજો !.....૧૩

## " અમૃતવાણી "

રે માત! તમ આદેશથી કાર્યાલયતણુ સંચાલન,
હતો બાળક પા પા પગલી ભરતો,
જાણ ન હતી, કાર્યાલયના કામ તણી,
અજાણ હતો નવી કેડીથી,
પ્રેમ કરી બનાવ્યો. અનુકૂળ સુંદર મોરલો,
અઢાર, અઢાર વર્ષો તણી જહેમત,
બનાવ્યો બાળકને પ્રખર રાજયોગી,
અરજ એટલી, સદા હાજર રહેજે કાર્યમાં.... **રાજયોગીજી..**

હિસાબો તણી કિતાબો ખુલ્લી છે.
બાળથી રાજયોગી તણી,
સરવૈયુ કાઢી જુઓ,
ઈતિહાસ વાંચી જુઓ,
સરવૈયુ કાઢતાં, ન ભૂલશો હિસાબોને,
હિસાબોમાં ગોથું ખાશો, અટવાઈ જાશો,
ઈતિહાસ વાંચજો,
પુરાણા ઈતિહાસને ભૂલી નવ જાશો,
ઈતિહાસ, ઈતિહાસનું પુનરાવર્તન. **રાજયોગીજી..**

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "આશીર્વચન"

## "પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ"

તા. ૨૫-૨-૯૮ બુધવાર મહાશિવરાત્રિના પાવન પ્રસંગે ૐ કારેશ્વર પૂ. શ્રી રાજયોગીજીના શિવત્ત્વને ભાવવંદન કરવા અને પૂજ્યશ્રીના આશીર્વચન સાંભળવા ઉત્સુક ભાવિકોથી શ્રધ્ધા કુટીર શોભી રહી હતી.

પૂજ્યશ્રીના અંગે અંગમાં રૂંવાડે રૂંવાડે 'ૐ' ના ચિન્હો નરી આંખે દ્દષ્ટિ ગોચર થાય છે. ઉપરાંત ચિન્હોના પણ દર્શન થાય છે.

શ્રધ્ધાળુઓની શ્રધ્ધાને સતેજ કરી ભાવિકોનાં ભવાટવી માર્ગદર્શક, અને ઉધ્ધારક પૂજ્યશ્રી રાજયોગીજીએ આજના પાવન પ્રસંગે "પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ" દર્શાવી ભાવિકોને દિશા સૂચન કર્યુ છે.

## "પરમની પ્રાપ્તિનો સરળ માર્ગ"

પરમશક્તિના પ્યારાં બાળકો,

આપણે સહુએ પરમાત્માના પ્રીતિપાત્ર બનવું હોય છે ખરૂં ને ? પરંતુ તેના પ્રીતિપાત્ર કેવી રીતે બની શકાય ?

અગાઉ મેં તમોને નવસિધ્ધાંતો, માનવતા વ્રતના આચરણ બાબત જણાવેલ છે જ, વધુમાં ષડ્રિપૂનું નિયંત્રણ અને મન, વચન, કર્મની પવિત્રતાનો પણ સમાવેશ થાય છે. આ બધું જ જીવનમાં ઉતારવાનું ને બધાજ નિયમોનું પાલન કરવાનું વાસ્તવિક જગતમાં ખૂબજ અઘરૂં પડે છે. એક પકડે ને બીજું છટકે એવી ઘટનાઓ બનતી જાય છે. સંસારની ઘટમાળમાં સવારથી તે સાંજ સુધીમાં આવા બનાવો બનતા જાય છે. ને તમારે તમારા સિધ્ધાંતોમાં બાંધછોડ કરવી પડે. જો કોઇ પણ મનુષ્ય ઉપરના સિધ્ધાંતોનું ચુસ્ત પણે પાલન કરે તો તે મહામાનવ બની જાય, ને પરમતત્ત્વને તેના ઇષ્ટદેવના રૂપમાં સાક્ષાત્ તેની સમક્ષ ઉપસ્થિત થવું પડે, પરંતુ આ હકીકત કરોડોમાં કોઇકને જ પ્રાપ્ત થાય.

ઘણા સાધકો ધર્મને આચરવામાં આ સિધ્ધાંતોને અનુસરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તે વામણો પૂરવાર થાય છે.એનો અર્થ એ નથી કે, તે સિધ્ધાંતોને અનુસરવાનો, હાંસલ કરવાનો પ્રયત્ન ન કરવો ? પ્રયત્ન કરવો જરૂરી છે. જેમ જેમ સફળતા મળતી જાય તેમ તેમ આગળ વધતાં જવું; જિંદગી સૌંદર્ય છે તેને કેમ વધારે સૌંદર્યમયી બનાવવી તે આપણા હાથની વાત છે. માનવીમાં જેમ જેમ માનવતાનાં ગુણો પ્રસરતા જાય, મહેંકતા જાય તેમ તેમ તેની જિંદગીનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠે છે; માટે ઉપર જણાવેલ સિધ્ધાંતોનું આચરણ આવશ્યક થઇ પડે છે.

આજે તમોને ઇશ્વર પ્રાપ્તિનો એક બીજો સરળ, સહેલો રસ્તો બતાવું. પ્રભુ પ્રેમનો ભૂખ્યો છે. તેને બસ પ્રેમથી સભર કરી દો. અને બદલામાં તમે તેની પાસેથી પ્રેમ લો. મેં અગાઉ કહ્યું છે તેમ,

"મૈં તુમમે સમા જાઉં
તુમ મુજમેં સમા જાઓ"

સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિથી, મા-બાળકનો સંબધ કેળવી તેની પાસે બેસો ને હૃદયના શુધ્ધ,



Scanned by CamScanner

સાત્ત્વિક ભાવથી કહો કે, "હું જેવો છું તેવો તારી પાસે આવ્યો છું, તું મારો સ્વીકાર કર. હું તો માત્ર નિમિત્ત છું, નિર્માણ કરનાર તું છે. તું મને તારા પ્રેમથી ભીંજવી દે, ખરા અંતઃકરણથી હૃદયના ભાવોને છલકાવી દેશો તો એ અગોચર રહીને પણ તમારો સ્વીકાર કરશે. પરમાત્માએ આપણો સ્વીકાર કર્યો છે તેની જાણ કેવી રીતે થાય ?

શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે, "બધું છોડીને તું મારા શરણે આવી જા, હું બધુ સંભાળી લઇશ." તમે બાળભાવે તેની પાસે બેઠા હો, અને તમારા હૃદયમાં આનંદના સ્પંદનો પ્રગટે તો માની લેજો કે, અગોચર રહીને પણ તેણે-પરમાત્માએ તમારો સ્વીકાર કર્યો છે. પરંતુ તેના માટે તમારે તેના સંપૂર્ણ પાગલ પ્રેમી બનવું પડશે. આ રીતે તમે પરમતત્ત્વના પ્રીતિપાત્ર બની શકશો.

ૐ મા ૐ

## "પરમાત્માના પાગલ પ્રેમી"

૭-૯-૧૯૯૮ સોમવાર (પૂ. રાજયોગી નરેન્દ્રજી)

પરમના પ્યારા પ્રેમીઓ,

શિવરાત્રીના દિવસે સંધ્યાટાણે કુટીરમાં મેં આપને પરમાત્માને પામવાનો સરળ માર્ગ બતાવ્યો હતો. "પરમાત્માના પાગલ પ્રેમી બની જાવ તો પરમાત્માને પામી શકાય." પરમના પ્રેમી માટે રસ્તો ઘણો જ સરળ છે પરંતુ બધામાં પ્રેમના અંકુરો ફુટવા જોઇએ ને ?

સામાન્ય રીતે એક પ્રશ્ન એવો ઉઠે કે, પરમાત્મા સાથે પ્રેમનું, લાગણીનું, ભાવનું આદાન પ્રદાન કેવી રીતે થાય ? સામાન્ય માણસને પરમાત્મા નથી દેખાતા કે નથી અનુભવાતા, પછી પ્રેમ કેવી રીતે ઉદ્‌ભવે! વળી પરમાત્મા એટલે શું ? પ્રશ્ન જરા અજુગતો લાગે છે ખરૂં ને ?

આપણી કલ્પનાનો પરમાત્મા આપણને વારસામાં મળેલ હોય છે. માતા પિતા કે દાદા દાદીએ સાકાર કે નિરાકાર ઇષ્ટદેવને રામ, કૃષ્ણ, શંકર, શક્તિ, અલ્લાહ, ઇસુ કે જરથોષ્ટ્રના નામે અને સ્વરૂપે ઉપાસવાનો ક્રમ અપનાવ્યો હોય, વળી ઉપાસનાની, સેવા, પૂજાની પધ્ધતિ પણ આપણી વારસાગત હોય છે. ઇષ્ટદેવને ખુશ રાખવા માટે તેમના આશીર્વાદ સતત મળતા રહે અને જીવન, સંસાર સુખમય, શાંતિમય પસાર થાય, પદ, પૈસો ને પ્રતિષ્ઠા મળતાં રહે, સચવાતાં રહે તે આશયથી આપણે દરરોજ ચીલાચાલુ ઉપાસના, પૂજા કરીએ છીએ અને પ્રાસંગિક ઉત્સવો ઉજવીએ છીએ અને કામ ચલાઉ સંતોષ અનુભવીએ છીએ. આવી વારસાઇ ઉપાસનામાં ચીલાચીલુ રીતરસમ નિભાવાય છે. પરમાત્મા સાથે ઐકયતા સાધી શકાતી નથી, પ્રેમનું આદાન પ્રદાન થઇ શકતું નથી, યંત્રવત્ પૂજાપાઠ, મંત્રજાપ, થતા રહે છે, ફક્ત ઔપચારિકતા જ દાખવવામાં આવે છે. માળા કરતાં મન ભટકે અને સેવા કરતાં સંસાર સાંભરે તો પછી પ્રભુ ક્યાંથી પાસે આવે ?

**મારી સમજનો પરમાત્મા એટલે પરમ + આત્મા. ઉંચો, મહાન, તેજસ્વી આત્મા, જે મનુષ્યમાં ઉચ્ચ, સદ્‌ગુણો સંક્રાંત થયેલા હોય, જે સદાય સાત્વિક હોય, જેના સ્મરણ માત્રથી શાંતિના સ્પંદનો અનુભવાય, જેના સાનિધ્યથી અંતરમાં, નિર્દોષ, નિર્મળ, પ્રેમનાં ઝરણાં ફુટવા લાગે, વાતાવરણ**



Scanned by CamScanner

**સુવાસિત, હર્યું ભર્યું બની જાય તે આત્મા**, જ પરમાત્માનું સાકાર રૂપ ગણી શકાય, પરમાત્માની વિભૂતિ ગણી શકાય. આપણે આપણા ઇષ્ટદેવને ચૈતન્ય સ્વરૂપ ગણીને આપણી પૂજા - ઉપાસનાને ચેતનવંતી, લાગણીસભર બનાવીએ તો જ ઇષ્ટદેવની સાથે પ્રેમનું, લાગણીનું આદાન પ્રદાન કરી શકાય.

દૃશ્ય જગતમાં વિદ્યમાન પરમાત્માની વિભૂતિઓ - સૂર્ય, ચંદ્ર, તારા, નિર્દોષ બાળકો, મા બાળકનું નિર્દોષ વાત્સલ્ય, પ્રાકૃત્તિક સૃષ્ટિ, પશુ પક્ષીઓ, પહાડો, ઝરણાં, નદીઓ, સાગર, સંતો, સાત્વિક આત્માઓ વિગેરે દરેકે દરેક જડચેતન પદાર્થોમાં પરમાત્માના એક કે, વધુ સાત્વિક ગુણો, સંક્રાત થયેલા જ હોય છે. માનવ સેવા માટે જ તેમનું અસ્તિત્વ નિર્માણ થયેલું હોય છે.

પરમાત્માની આ જડચેતન સૃષ્ટિને આપણે પ્રેમ કરીએ, આપણો અહોભાવ પ્રદર્શિત કરીએ તો પરમાત્માની આ સૃષ્ટિ પણ આપણી આંતરબાહ્ય પ્રેમમય બની જાય. અને આપણા દુર્ગુણો વિદાય થઇ જાય. પ્રેમ કરવા માટે પરમાત્માની વિભૂતિઓ અને પરમાત્માની સર્જેલ સૃષ્ટિમાં આપણે આત્મિયતા કેળવવી પડે. આપણી દૈનિક પ્રાર્થનામાં આપણે પરમાત્માને સર્વસ્વ માનીએ છીએ અને ગાઇએ છીએ કે

"ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા ચ દ્રવિણમ્ ત્વમેવ
ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ."

આપણા સાંસારિક સબંધોમાં માતા પિતા, ભાઇ બહેન, મિત્ર સખા, પત્નિ, બાળકો, ધન સંપત્તિ, પશુ પરિવાર વિગેરેમાં આપણને લાગણી, ભાવ, પ્રેમ આત્મિયતા હોય છે તેવો જ આત્મિયભાવ પરમાત્મામાં અને તેની સર્જેલ સૃષ્ટિમાં, વિદ્યમાન તેની જ વિભૂતિઓમાં તેનું જ પ્રતિક સમજીને આપણે પ્રેમ કેળવીએ, પ્રેમ કરીએ તો પરમાત્મા સ્વયમ્ આપણને પ્રેમ કરે. પ્રેમનું આદાન પ્રદાન થાય અને પછી તો પ્રેમ ઘનિષ્ઠ બને, લાગણીના વહેણ વહેવા માંડે.

વ્રજવાસીઓ - ગોકુળવાસીઓનો કૃષ્ણ પ્રેમ, યમુનાનો કિનારો, ગાયો, ગોપ ગોપીઓ, લતાઓ, વૃક્ષો, ગિરીરાજ, મોર બપૈયા સઘળાં કૃષ્ણ પ્રેમમાં તરબોળ બની જતાં, અસ્તિત્વને ભૂલી જતાં, ગોપ ગોપીઓનો કૃષ્ણ પ્રેમ અને કૃષ્ણનો તેમના પ્રત્યેનો પ્રેમ કેટલો ઉત્કૃષ્ટ હતો ? તેઓ પાગલ પ્રેમી હતા.

રામ અને અયોધ્યા વાસીઓનો પ્રેમ, શબરી, કેવટ અને ગુહરાજનો રામ પ્રત્યે કેટલો નિર્વ્યાજ પ્રેમ હતો ! ભરત, હનુમાન, વિભીષણ, રીંછરાજ અને વાનરસેના રામના કેવા પાગલ પ્રેમી હતા ! પ્રેમ એક પક્ષીય સંભવી જ ના શકે. પ્રેમ બંને પક્ષે હોય, એક બીજા માટે ન્યોચ્છાવરીનો ભાવ હોય, પ્રેમમાં મેળવવા કરતાં એક બીજાને આપવાની ભાવના વધારે હોય, એક બીજાના વિરહમાં એક બીજા તલસતાં રહે, અશ્રુધારા વહાવતાં રહે, પ્રેમાશ્રુમાં ફક્ત એક બીજાના મિલનનો તલસાટ હોય છે. એક બીજામાં ખોવાઇ જવાની મઝા હોય છે.

પરમાત્મા સર્જીત જડચેતન સૃષ્ટિમાં પ્રેમાનંદ સ્વરૂપ પરમાત્માના દર્શન કરવાં હોય તો આ સૃષ્ટિના પ્રત્યેક અંગને, પ્રત્યેક વ્યક્તિને પ્રેમ કરવો પડે. પરમાત્માનું વિરાટ રૂપ, એટલે સૃષ્ટિમાં વિલસી રહેલ જડચેતન વસ્તુ. જે પરમાત્માનું જ અંગ છે. એટલે એ પ્રત્યેક અંગને પ્રેમ કરવો પડે.

**વળી ભગવાન સૌના હ્રદયમાં રહેલા છે, પ્રત્યેકમાં પ્રભુનો વાસ છે એ હકીકતને આપણે દ્રઢ પણે માનીએ તો આપણા અન્ય સાથેના વાણી, વર્તન વ્યવહારમાં આત્મિયતા, સહૃદયતા, સાત્વિકતા**



Scanned by CamScanner

આવી જાય.

'પ્રાણી માત્રના હૃદયને પ્રભુનું મંદિર માનીને તેનો આદર કરીએ, પ્રેમ કરીએ, મદદરૂપ થઇએ. સૃષ્ટિનું પ્રત્યેક સર્જન પરમાત્માનું જીવતું જાગતું મંદિર જ છે. આ પૃથ્વી પર માનવોએ બનાવેલ મંદિરો, મસ્જીદો, ગુરુદ્વારા, ચર્ચ તો પરમાત્માને શોધવા માટેનાં, બોલાવવા માટેનાં સ્થાનો છે. પરંતુ આ દેવ સ્થાનોમાં પણ પરમાત્માને પ્રત્યક્ષ મળવા માટે, વાત કરવા માટે આપણી પાસે દૃષ્ટિ અને શક્તિ તો જોઇએ જ ને ! મંદિરમાં બિરાજીત પરમાત્માની મૂર્તિમાં આપણે પ્રેમથી પ્રાણ પૂરવાના છે. ચેતના જગાવવાની છે, તે મૂર્તિને બોલતી અને સાંભળતી કરવાની છે. આપણી સાથે રમતી અને જમતી કરવાની છે. જો આપણે મૂર્તિને બોલતી, ચાલતી, સાંભળતી ન કરી શકતાં હોઇએ, તેનામાં રહેલા ચૈતન્ય તત્વને પ્રજ્વલિત ન કરી શકતાં હોઇએ તો મંદિરમાં દર્શન કરવા જવાની પ્રક્રિયા યંત્રવત્ બની જાય છે.

આપણે જો પરમાત્માને જોવાની કળા શીખી લઇએ તો જીવનનો અંધકાર, પ્રકાશમાં પલટાઇ જાય, આપણા જીવનમાં શાંતિ સ્થપાય, સમભાવ કેળવાય અને આપણું જીવન પ્રેમમય, સેવામય બની જાય. આપણા ચર્મ ચક્ષુ દિવ્ય ચક્ષુ - જ્ઞાન ચક્ષુમાં પલટાઇ જાય. અને આપણી દૃષ્ટિમાંથી નરી પવિત્રતા, નિર્મળતા, નિર્દોષતા, પ્રેમ, સતત વર્તાતા રહે. આપણું સમસ્ત અસ્તિત્વ આનંદ સ્વરૂપ, નિર્દોષ અને નિર્મળ બની જાય અને પછી તો જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

શાસ્ત્રો કથિત તપસ્વીઓના આશ્રમનું વાતાવરણ જડ અને ચેતન એટલું બધું પવિત્ર, સાત્વિક અને શાંત રહેતું કે ત્યાં પશુ પક્ષીઓ, વૃક્ષો, લતાઓ અને વિકરાળ પ્રાણીઓ પણ તેમનો જન્મજાત સ્વભાવ ત્યજીને સહવાસ કેળવતાં, આનંદ માણતાં, શાંતિ અનુભવતા.

આજે પણ આવું વાતાવરણ સર્જી શકાય છે. ૧૯૯૪ સપ્ટેમ્બર મહિનામાં નિલોષા પર મોર આવ્યો હતો. ઘરના સભ્ય તરીકે બે દિવસ રહ્યો હતો. આત્મિયતા કેળવી બધાંની સાથે હળી ગયો હતો તે હકીકતથી સહુ સુપેરે પરિચિત છે જ.

નરસિંહ મહેતા, મીરાંબાઇ, સકુબાઇ અને કેટલાય નામી અનામી ભક્તોના પ્રેમનો પ્રતિઘોષ પરમાત્માએ પાડયો છે. માતાજી અને હું પણ એકબીજાના પાગલ પ્રેમી જ છીએ ને !

**પરમાત્માના પાગલ પ્રેમી બનવા માટે પરમાત્માના ફિરસ્તા, સાત્વિક સંતોને પ્રેમ કરો, આત્મિયતા કેળવો. તેમના આદેશોનું પાલન કરો. તેમના આદર્શોને જીવનમાં આત્મસાત કરી સંતોના પરમાત્માએ સોંપેલા સેવાકાર્યમાં સહભાગી બનો.**

સાચા સંતો જ્યારે તમને પ્રેમ કરે, તમારા પ્રેમનો પ્રતિઘોષ પાડે ત્યારે સમજવું કે પરમાત્મા આપણને પ્રેમ કરે છે, અને પછી તો પાગલ પ્રેમી બની એ પ્રેમ ગંગામાં સદાય સ્નાન કર્યા કરવું.

સંતોના પ્રીતિપાત્ર બન્યા પછી એ પ્રેમના નિર્મળ પ્રવાહને સતત વહેતો રાખીશું તો એ પ્રેમ સરિતાનું વહેણ પરમ પ્રેમના સાગર સ્વરૂપ પરમાત્મામાં વિલિન થઇ જશે. અદ્વૈત સાધી શકાશે. પરમની સૃષ્ટિમાં ઓતપ્રોત થઇ જવાશે. આવા પરમના પાગલ પ્રેમી માટે પરમાત્મા સ્વયમ્ તેને મળવા માટે તલસે છે. તેના કાર્યો માટે સદાય તત્પર રહે છે, તેના રાહબર બની રહે છે.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "ગુરૂપૂર્ણિમા"

૯ મી જુલાઇ ૧૯૯૮ ગુરૂવાર, સવારથી પી. જી. મહેતા હોલનું પ્રાંગણ માનવ મહેરામણથી ઉભરાઇ રહ્યું છે. આજે પોતાના આધ્યાત્મિક પિતા પૂજ્ય ગુરૂદેવના દર્શન અને ચરણ વંદના માટે ભાવિકો આતુર છે. પૂજ્યશ્રી બરાબર ૯-૦૦ વાગે હોલમાં પધાર્યા છે. ગુરૂદર્શન અને ચરણ સ્પર્શ માટે ભક્તોની લાંબી કતારો છે. અધિકાર વગર આગળ જવા કોઇ ઉત્સુક નથી. સૌને પ્રતીક્ષાનો આનંદ છે. આજે પૂજ્યશ્રીએ ક્રીમ કલરનું પીતાંબર તથા ઝભ્ભો ધારણ કરેલો છે. ગળામાં મોતીની માળા શોભે છે. તેજોવલયથી સમસ્ત અસ્તિત્વ પ્રકાશી રહ્યું છે.

બરાબર ૯-૧૨ મીનીટે ગુરૂ દર્શનની શરૂઆત થઇ. દેશ અને વિદેશથી ભક્તો આવ્યા છે. વરસાદ અને વાહનની અગવડતા વેઠીને ગામેગામથી આવેલાં ભક્તોમાં ગુરૂદેવના દર્શન માટે ભારે ઉત્સાહ વર્તાય છે. પૂજ્યશ્રીની સમીપ પહોંચતા જ આનંદમાં આવી જઇને ચરણમાં ઝુકી જાય છે. પૂજ્યશ્રીના મોહક સ્મિતથી અમાપ સંતોષ અને ધન્યતા અનુભવતા ભક્તોને કંઇક આધ્યાત્મિક ખજાનો મળ્યાનો આનંદ મુખપર વર્તાય છે. બરાબર ૧૦-૧૦ મીનીટે માટે પ્રથમ સમૂહ આવ્યો. પૂજ્યશ્રીએ મંત્રદીક્ષા આપી, મન વચન કર્મથી પવિત્ર રહેવાનો અને ઓછામાં ઓછો અર્ધો કલાક મંત્રજાપ ૐ મા ૐ કરવાનો આદેશ આપ્યો. પ્રથમ સમૂહમાં ૨૨ ભક્તો આજે ૨૨ મી ગુરૂપૂર્ણિમા કેવો યોગાનુયોગ !

ફરી પાછા ગુરૂ દર્શન માટેનો પ્રવાહ ચાલુ થયો. ત્રણ ત્રણ કતારોમાં, હોલના પગથિયાં સુધી આતુરતા પૂર્વક ઉભેલા ભક્તો નો પ્રવાહ ચાલુ થયો.

ત્રણ ને પાંચ મીનીટે ભક્તવૃંદ સાથે ગાયકવૃંદે મંત્રો દ્વારા ગુરૂ વંદના કરી અને બપોરના સત્સંગ સત્રની શરૂઆત થઇ. શ્રધ્ધા દરબારના રાજકવિ શ્રી સતિષભાઇએ સહુ ભક્તોના હૃદયની વેદનાને શબ્દોમાં કંડારીને આજના ગુરૂ પૂર્ણિમા પર્વ નિમિત્તે પૂજ્યશ્રી પાસે સૌના માટે આશીર્વાદ માંગ્યા. અને સહુ ભક્તોને એમના શરણમાં લેવા વિનંતિ કરી.

**એક ઝલક :-**

**આપ કવિતા માતની છો એ**
**વાત જગે ગાઇ જાણું**
**આજ ઉદય જીવન પૂનમનો**
**ગુરૂદેવ તમ શરણે જાવું...**

આવી તો અનેક પંક્તિઓમાં એમણે ભક્તો માટે પૂજ્યશ્રી પાસે ઘણું ઘણું માંગ્યું.

આ ભક્ત યાચના પછી મુંજાલભાઇએ ભક્તિગીત રજૂ કર્યું. "માડી તેં તો મૂર્તિ મનોહર ઘડી." આ ગીતના એક એક શબ્દના ભાવ સાથે ભક્ત હૃદય ડોલી ઉઠ્યા. હોલમાં હાજર સહુ ભક્તોએ, પરમ શક્તિ માત ગાયત્રીનો, આવી સુંદર, સમર્થ અને મનોહર મૂર્તિ અમને ગુરૂ સ્વરૂપમાં આપવા બદલ કૃપા સ્વીકાર કર્યો.

પૂજ્યશ્રીએ એમની આધ્યાત્મિક યાત્રાના કેટલાંય વર્ષો સુધી અલ્પવાણી રાખેલી. એમના શાસ્ત્રને,



Scanned by CamScanner

મંતવ્યને ભક્તો સુધી પહોંચાડવા હવે અથાગ પરિશ્રમ કરવો પડે છે. હજૂય માત્ર પ્રશ્નોના જ ઉત્તર આપે છે અને એટલે જ એમને જૂદા જૂદા વિષયના પ્રશ્નો પૂછીને એમના ઉત્તરો દ્વારા જીવનની નવી દિશા, જ્ઞાન, અમૃત વાણીનો લાભ લેવાનો એક પણ અવસર ગુમાવવાનું ભક્તો મંજૂર રાખતાં નથી. શ્રધ્ધા કુટીરના રાજકવિ સતીષભાઇ, અથાગ પરિશ્રમ કરીને, કૂશાગ્ર બુધ્ધિથી ચતૂરાઇ પૂર્વક એવા સુંદર કાવ્ય પ્રશ્નો પૂછે છે કે, પ્રશ્ન સાંભળીને વાહ વાહ થઇ જાય. અને પૂજ્યશ્રી જ્યારે આવા પ્રશ્નોના ઊંડા આધ્યાત્મિક ગહન પછી, એવા ધારદાર અને લાજવાબ ઉત્તરો આપે ત્યારે પૂજ્યશ્રીની સમર્થતા અને આધ્યાત્મિક ત્થા સાહિત્યિક સમૃધ્ધતાને વંદન કરી ભક્તો પોતાને ગૌરવશાળી માનતા થઇ જાય.

એક ઝલક...

**પ્રશ્ન :-** **નિત નવા સુર્યની**
**આપો છો ભેટ પણ**
**જાળવું હું ! કોથળી તો સાથમાં દો ને ?**

**ઉત્તર :-** **સૂર્ય સાથે ચંદ્ર અને તારલાઓ તણી**
**ભેટ ધરૂં જગ માનવોને, જો હોય શ્રધ્ધા.**
**અમુલખ એ ભેટ ભરવા કાજ**
**અર્પુ કોથળી ઊંડી. મંત્રજાપ, માનવતા વ્રત**
**ને નવ સિધ્ધાંતોના આચરણ તણી.**

**પ્રશ્ન :-** **જોડું હાથ ના બે, કોણ વંદન માનશે ?**
**નમે શીશ પણ ના, કો એ વંદન ચાલશે ?**
**'નમે નાદાન બહુ' એવો અનુભવ છે જગત**
**ઊભો જેવો છું તેવો. તો એ તમને ફાવશે ?**

**જવાબ :-** **ભાવ ભરી ભીતર માંહી**
**હ્રદય સિંહાસને બિરાજીત કરો**
**(તો) નથી જરૂરત વંદન, નમન કે પ્રાર્થના તણી**
**મને તો તમારો 'ભાવ' ભાવશે.**

આખી પ્રશ્નોત્તરી તો ક્યારેક છપાશે પણ ભક્તોના જ્ઞાનદ્વાર ખોલતી આ રમત હવે ખૂબ પ્રિય બની ચૂકી છે.

પછી ૪-૪૫ વાગે શ્રી મુંજાલભાઇએ એક ભાવગીત રજૂ કર્યું. સહુ ભક્તો વતી પૂજ્યશ્રીને પ્રાર્થના કરી કે અમે સૌ તમારા ચરણ કમળમાં જ રહીએ. ચરણ કમળ જલ પાલન કાજે, ભવભવ તરસ્યાં થઇએ.

ભક્તોએ આ ભાવગીતને ખૂબ આવકાર્યું.

બરાબર ૫-૧૫ વાગે પૂજ્યશ્રીએ અમૃત વાણીનો પ્રારંભ કર્યો. એમની આજની વાણી અત્યંત મર્મ સૂચક હતી. દરેક ભક્તને એમણે એવી ચેતવણી આપી કે, મને ગુરૂપદે સ્થાપ્યો છે, તો સાચા શિષ્ય થવા, માનવ બની, માનવતા મહેંકાવો. આધ્યાત્મિક ઉર્જાને સદાય સચેત રાખો, સત્સંગ, મંત્રજાપ અને નવ



Scanned by CamScanner

સિધ્ધાંતથી માનવતા પ્રસરાવો. અને તે માટે પરમાત્માના, માતાજીના આત્મીય અથવા આત્મજ બનવું પડે. દરેક જીવ, પરમાત્મા - શિવનો અંશ છે. સંસારમાં માયાના આવરણ ઘટ્ટ બનતાં આત્મિક સંબંધનું અંતર વધારી દીધું. માટે જ બાળ સહજ નિર્દોષતા કેળવવાનો પ્રયત્ન કરવો પડે.

આજના યુગમાં કૌટુંબિક કલેશ અને વાદવિવાદ પર આકરા પ્રહારો કરતાં પૂજ્યશ્રીએ કહ્યુ કે, જ્યારે અર્વાચીન જીવન કલુષિત બની ગયું છે, જૂની અને નવી પેઢીનું ઘર્ષણ વધતું ગયું છે. TV થી ઘરનું વાતાવરણ ઘોંઘાટ ભર્યુ, મર્યાદા વગરનું, લાજ શરમ વગરનું થયું છે. કુટુંબ જીવનની માન મર્યાદાઓ ઘસાતી જાય છે. ત્યારે હવે વડીલો માટે માન નથી અને સ્થાન નથી.

એક સરસ પંક્તિ કહી :-

**હું અને તું.**
**તું માંથી ત્રણ થયાં.**
**હું ના ભાવ ગયા.**
**ત્રણ માં થી ચાર થયા..**
**હું અને તું એક થયા.**

પતિ - પત્નિ - બે, બાળક થતાં ત્રણ થયાં ત્યારે પતિના ભાવ ઘટ્યાં. પુત્ર જ્યારે પુત્રવધુ લાવ્યો ત્યારે પતિ - પત્નિ ફરી પાછા ભેગા થયાં.

પૂજ્યશ્રીની ઇચ્છા આ વિષના વહેણને પ્રેમ ગંગામાં પલટવાની છે. સંસારને સરળ, સહૃદયી, સહકાર ભર્યો અને સુંદર બનાવવાનું ધ્યેય છે અને તેથી જ ભક્તોને એમણે સફળતાની ચાવી આપી છે.

આજ સુધી આધ્યાત્મિક માર્ગની વાતો કરતા પૂજ્યશ્રીએ આજે ચાર માર્ગ આપ્યા - પ્રેમ માર્ગ, જ્ઞાન માર્ગ, સહન માર્ગ અને ક્ષમા માર્ગ.....

સાંસારિક અને દુન્યવી માર્ગોમાં સહન કરતાં શીખવાનું કહ્યું શબ્દોની સોદાબાજી, વાણીની વિલાસિતા અને ભાષાની ભવાઇને બદલે મૌન રહેવા કહ્યું. અને મૌન રહીને સહન ન કરી શકો તો ક્ષમા કરીને આનંદિત થવા જણાવ્યું.

અને છેલ્લે તેમણે કહ્યું કે વિશ્વ બંધુત્વની ભાવના વિકસાવવાના મારા પ્રયત્નમાં આપ સહુના સહકારની, માનવતાની ખાસ જરૂર છે.

સમાપનમાં શ્રી હિમાંશુભાઇએ "જય જય મા" નું સુંદરગીત ગાયું. જેમણે બે દિવસમાં એક પણ વાર ચરણ સ્પર્શ નહોતા કર્યા એમને પૂજ્યશ્રીએ આજના દિને ચરણ સ્પર્શની પરવાનગી આપતાં દૂર દૂરથી આવેલા ભક્તોના હૈયાં પુલકિત થઇ ઉઠ્યાં.

મંત્રજાપ અને પરમશક્તિની આરતીબાદ પૂજ્યશ્રી જ્યારે ૬-૦૫ વાગે વિદાય થયા ત્યારે ભક્તોના સજળ નયનો, ના હાથ ઊંચો કરી શક્યાં, પણ હૃદય મંદિરના એક એક તારમાંથી આજથી માનવ બનવાના સંકલ્પના મનોબળને ગુરૂચરણમાં સમર્પિત કરી ધન્યતા અનુભવવા લાગ્યા.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# પ્રશ્નોતરી

**પ્રશ્નકર્તા - સતીશભાઇ ભટ્ટ** **ઉત્તરદાતા - પૂ. રાજયોગી નરેન્દ્રજી**
**પ્રસંગ - ગુરૂપૂર્ણિમા** **તારીખ - ૯-૭-૯૮**

**સ્થળ - શ્રી પી. જી. મહેતા હોલ**

**સતીશ :** નિત નવા સુર્યની
આપો છો ભેટ પણ
જાળવું હું, કોથળી તો, સાથમાં દો ને !

**વિવરણ :** આપની કરૂણા આપના આશીર્વાદથી અમે રોજ નવો સૂર્ય નવું પ્રભાત અર્થાત દીર્ઘ આયુષ્ય પામીએ છીએ. આપની આ નવાજેશ સાથે અમે એમ માંગીએ છીએ કે, અમને આ આયખાને સન્માર્ગે, નીતિરાહે ચાલવા માટે પણ આપના આશીર્વાદ રૂપી કવચ-કોથળી એટલે ચારે બાજુથી બંધાયેલ દોરીથી વિંટળાયેલ, સુરક્ષિત સાધન પણ આપો.

**રાજયોગીજી : સૂર્ય સાથે ચંદ્ર અને તારલાઓ તણી ભેટ ધરૂં**
**જગ માનવોને જો હોય શ્રધ્ધા અમુલખ**
**એ ભેટ ભરવા કાજ અર્પું કોથળી, ઊંડી, મંત્રજાપ,**
**માનવતાવ્રત ને નવ સિધ્ધાંતોના આચરણતણી.**

**વિવરણ :** સેવાયજ્ઞ દરમિયાન મારી મુલાકાતે આવતા જગતના માનવીઓને જીંદગીની વિષમતાઓ વિદારવાનો હું પ્રયત્ન કરૂં છું. સૂર્યનો પ્રકાશ અને તેજસ્વિતા ની સાથે સાથે ચંદ્રની શીતળતા અને તારલાઓની ભવ્યતા, શ્રધ્ધાળુ મુલાકાતીના જીવનમાં ભરવા-પાથરવા હું પ્રયત્ન કરૂં છું. સાથે સાથે આ તેજસ્વિતા, શિતળતા અને ભવ્યતાને ટકાવી રાખવા માટે, સંગ્રહી રાખવા માટે, પરમશક્તિ મંત્રજાપ, માનવતાવ્રત અને નવસિધ્ધાંતોના આચરણના આદેશરૂપી કવચ-કોથળી પણ આપું જ છું.

સતીશ : તમે ભાગીરથી લાવ્યા, ઝીલી કાલીન્દી પણ આવ્યા,
ભગીરથ ભાર ઉંચકી ના શક્યા
તેથી એ શિવજી લાવ્યા.
બની ખુદ શિવજી તમે આવ્યા.

વિવરણ : આપ લોકમાતા ગંગા અને યમુના બંન્ને લાવ્યા, આ લાજવાબ હકીકત છે. અત્રે ઉલ્લેખનીય છે કે - "મન ચંગા તો કથરોટમેં ગંગા". આપનું મન કેવું ચંગુ હશે તે કલ્પના બહારની વાત છે. આપનું મન કેટલી શીઘ્ર ગતિથી સીધેસીધું પરમની પાસે પહોંચી ગયું હશે કે, બન્ને લોકમાતા ઓ આપની સમક્ષ હાજર થઈ!

ગંગાને ધરા પર ઝીલવા ભગીરથે ભગવાન શંકરને પ્રાર્થના કરી હતી. તેમણે શિવજીને બોલાવ્યા પરંતુ આપતો સ્વયં શિવજી બની રહ્યા કે ગંગા ને યમુના હાજર થઈ ગયા.

**રાજયોગીજી : નથી શિવજી કે કાનજી છું રાજબાળ માતનો,**
**મારોને માતનો નાતો પૂરી કરે એ મનની વાતો,**
**મમતા ને કૃપા માત તણી અપાર વિદેશે પ્રગટાવી પાત્રમહીં લોકમાતા.**

વિવરણ : હું નથી શિવજી કે ગંગાજીને ધારણ કરી શકું કે નથી કાનજી-કૃષ્ણ કે યમુનાને આલિંગન આપી



Scanned by CamScanner

શકું. હું તો માતાજીનો રાંજયોગી-બાળ છું. પરંતુ મારો અને માતાજીનો સબંધનાતો એવો અદ્વૈત છે કે મારી મનની ઇચ્છાઓ તેની જ ઇચ્છાઓ બની જાય છે.

માતાજીની અપાર મમતા અને કૃપા થકી જ ૧૯૯૮ એપ્રિલ મે મહિનામાં વિદેશની મુલાકાત દરમિયાન પ્રસંગોચિત્ત ગંગાજીને અને યમુનાજીને પાત્રમાં પ્રગટાવી હતી.

**સતીષ :** અમે છે તો જગત છે, એટલે આવ્યાં અમે અહીંયા
નિસ્બત શી તમારે છે- કે આવ્યા છો તમે અહીંયા ?

**વિવરણ :** પ્રત્યેક માનવીને પોતાનું જગત ત્યાં સુધી જ છે, જ્યાં સુધી તેનું મન હાજર છે, અને માનવી મનના આદેશો-અંકુશો હેઠળ છે. મન પણ એટલા જ માટે છે કે, 'કર્મ' નું અસ્તિત્વ છે. માનવી કર્મના ભોગવટા માટે જ ફરી ફરી જગતમાં આવ્યા કરે છે. અમે માનવી તો આવી બધી હકીકતોને આધિન છીએ. પણ આપને તો કર્મ છે નહિં અને અસરકર્તા પણ નથી તો આપ આ જગતમાં શું કરવા આવ્યા છો ? શો હેતુ છે ?

**રાજયોગીજી : જગત પરમનું સર્જન, નિસ્બત પરમની સંગે અમારે,**
**પરમના આદેશને અનુસરવા, મોકલ્યા અમોને જગતમાં,**
**સુખ, શાંતિ અર્પવા, જગતના માનવોને.**

**વિવરણ :** જગત તો પરમાત્માનું સર્જન છે. એ તો જગતપિતા છે. અમારે તો સંતોને, ફિરસ્તાઓને તો પરમાત્મા સાથે નિસ્બત છે. પરમાત્માના કાર્યો કરવા માટે તેમના આદેશનું યથાતથ પાલન, આચરણ થાય માટે અમને પૃથ્વી પર મોકલવામાં આવ્યા છે. સંતોનું અવતરણ જગતના માનવોને સુખ શાંતિ અર્પવાનું હોય છે.

**સતીષ :** છે માત તેની ના નથી- અમને અહીં કિંતુ
ધરી ઝભ્ભો અને લેંઘો- તમે નીજ કયમ છુપાવો છો ?

વિવરણ ; ચોખવટ માંગી છે કે, આપ તો સ્વયં 'મા' જ છો. અમારૂં અંતઃકરણ પોકારી પોકારીને કબુલે છે. અને છતાંય આપ અત્રે લેંઘો-ઝભ્ભો ધારણ કરીને, અમે માનવીઓમાં ભળી જઇને - અમારી વચ્ચે રહીને આપનું નીજ સ્વરૂપ - અસલી સરનામું કેમ છુપાવો છો ?

**રાજયોગીજી : છું બાળ માત તણો, રાજયોગી જગતણો,**
**પરિવેષ ધર્યો મે, જગતને સ્વીકાર્ય જે,**
**નિરખવા અસલી સ્વરૂપ, મરજીવા બનું પડે.**

વિવરણ : હું મા ભગવતીનો અધ્યાત્મ બાળ છું, પુરૂષ બાળ છું, અને જગતમાં રાજયોગીના રૂપે વિધમાન છું. પુરૂષનો પરિવેષ અને સેવા કાર્યને અનુરૂપ લેંઘો અને ઝભ્ભો જે મને અને જગતને અનુકૂળ અને અનુરૂપ છે તે પહેરૂં છું. અસલી સ્વરૂપને નિરખવા, પહેચાનવા તમારે મરજીવા બની ભક્તિ સાગરમાં, પ્રેમ સાગરમાં ડૂબકી મારવી પડે. આત્મખોજ કરવી પડે.

**સતીષ :** સત્ય છે સૌ કોઇનું-ના કોઇનું છે એ,
બાળ છે સૌ કોઇના-ના કોઇના છે એ,
માત સિવા ઓળખે છે અન્યના તોય
છું તમારો શીદને કે'તા ફરો છો એ ?



Scanned by CamScanner

**વિવરણ :** હું તમારો જ છું, તમારો જ છું એમ ગુરૂદેવ વારંવાર કહે છે, પરંતુ વાસ્તવમાં તો બાળ માતાજીમાં લીન છે અને માતાજી બાળમાં મન પરોવીને બેઠાં છે. તો આપ આ જગતના નથી એવું ફલિત થયા કરે છે. સત્ય શું છે ?

**રાજયોગીજી :** **ભાવ જોઇ ભક્તનો, ભગવાન પીગળી જાય છે**
**ભાવ જોઇ બાળનો, માત મલકી જાય છે**
**ભાવ જોઇ આપનો, બની જાઉં છું આપનો.**

**વિવરણ :** ભક્તની ભાવભરી ભક્તિથી સ્વયમ્ પરમાત્મા ખુશ થઇ જાય છે. તેને મળવા માટે તલસે છે મળવા માટે દોડી જાય છે. ભક્ત નરસિંહ, પુંડરિક, મીરાંની ભાવભીની ભક્તિ જગ જાહેર છે. બાળકનો ભાવ જોઇ માતા વાત્સલ્યભીની બની જાય છે. રાજબાળનો ભાવ જોઇ મા ભગવતી આનંદ વિભોર થઇ જાય છે. વાત્સલ્યની અમી વર્ષા કરતી રહે છે.

આપ સર્વેનો પ્રેમ, ભાવ જોઇને હું આપનો બની જાઉં છું અને "હું આપનો જ છું" એમ કહેવાઇ જાય છે. આપનો ભાવ હું આપની આંખોમાંથી અને અસ્તિત્વમાંથી ટપકતો જોઇ શકું છું, અનુભવી શકું છું.

**સતીશ :** અમે તો છે શરીરધારી- તમે પણ તેમ છો, રાજન !
વસ્ત્રો અમને શોભા છે- તમે વસ્ત્રોને શોભા દો.

**વિવરણ :** આમ કેમ છે ગુરૂદેવ ? આપ પણ અમારા જેવા માનવી, શરીરધારી છો. અમે અમારી અને અમારા સંસારની શોભા માટે વસ્ત્રો પહેરીએ છીએ.

આપ પણ વસ્ત્રો ધારણ કરો છો. ફરક માત્ર એટલો જ છે કે વસ્ત્રો અમને શોભા દે છે. અને આપ વસ્ત્રોને શોભા દો છો.

**રાજયોગીજી :** **માતની મમતાતણું આવરણ, સદાય વિંટળાયું મુજ અસ્તિત્વમાં,**
**નિખરતી હશે મમતાતણી એ શોભા, વસ્ત્રોના આવરણમહીં.**

**વિવરણ :** મા ભગવતીની મમતા અને પરમ વાત્સલ્ય મને સદાયે મળતું રહે છે. માનું દિવ્ય અમૃત મારા સમસ્ત અસ્તિત્વમાં વિલસી રહ્યું છે. મા ભગવતીની મમતાના આવરણની જ એ શોભા નીખરતી હશે. વસ્ત્રોની પાછળ માની મમતાનું દિવ્ય આવરણ શોભાયમાન થઇ રહ્યું હશે.

**સતીશ :** અગર સંસાર છે અસાર- તો આવત અમે અહીંયા !
ખુદ આપ જેવા આપ પણ, આવત નહીં અહીંયા
પ્રભુ પોતે જ આવી, મોક્ષની લ્હાણી કરે તોય-
નકારૂં વળી, ને કહી દઉં, કે, છે રાજયોગી અહીંયા.

**વિવરણ :** અમારી આ વાત સાથે આપ સંમત છો ને ? અમારે માટે આ સંસાર અસાર (ખારો) નથી બન્યો કારણ કે અમારી પાસે તો સારમાં સાર જેવા રાજયોગી છે. હવે તો પ્રભુ સ્વયં પણ આવીને મોક્ષની લ્હાણી કરે તોય અમે ના સ્વીકારીએ અને કહી દઇએ કે, અમારે મોક્ષ નથી જોઇતો, અમને તો રાજયોગી મળ્યા છે, સંપૂર્ણ સંતોષ છે. "વ્રજ વહાલું રે વૈકુંઠ નહિં આવું."

**રાજયોગીજી :** **સંસાર છે અસાર, મને અસારમાં સાર ભાસે**
**સંસારમાં સરસા રહીએ, સેવાનો ભેખ ધરીએ**
**નિષ્કામ કર્મ કરીએ, પરમનો સાથ નિભાવીએ**
**પરમ પ્રત્યક્ષ હાજર રહે, રાજબાળ સાથે રહે.**



Scanned by CamScanner

યાદ નથી આવતા. મૂંઝાઇ જવાય છે. અમારા શરીરના પ્રત્યેક રૂંવાડા ખડાં થઇ જાય છે. બેબાકળા બની જાય છે. ગુરૂદેવ, અમારામાં શ્રધ્ધાનું વારિ સીંચો એજ પ્રાર્થના છે.

**રાજયોગીજી :** **શ્રધ્ધાની સાથે રાખો, સખી શરણાગતિને**
**વિવેકની 'વાટ' ને રાખો સતેજ, હરિ હાથ પકડશે.**
**રૂંવાડે રોમાંચ વ્યાપશે, હરિના જનનો સાથ મળશે**
**સંસાર યાત્રા સુપેરે પૂર્ણ થાશે.**

**વિવરણ :** અધ્યાત્મિક માર્ગ-હરિનો માર્ગ શ્રધ્ધા અને શરણાગતિના પ્રદેશમાંથી જ શરૂ થાય, પસાર થાય. આ માર્ગ અતિ વિકટ છે એટલે વાટમાં અટવાઇ કે ગબડી ન પડાય, માર્ગ ભૂલી ન જવાય માટે વિવેકની 'વાટ' (પ્રકાશ) ને હંમેશાં પ્રજ્વલિત-સતેજ રાખતા રહેવાનું વિષમ પરિસ્થિતિમાં હરિને સતત યાદ કરતા રહેવાથી તે પ્રત્યક્ષ આવી આપણો હાથ પકડે-માર્ગદર્શન આપે. મદદ મોકલે અને આવી પ્રત્યક્ષતાનો અનુભવ થાય ત્યારે શરીરના રૂંવાડા આનંદથી રોમાંચિત થઇ જાય. આ રસ્તે જ હરિના જનો-સંતોનો સથવારો મળે અને સંસાર યાત્રા, જીવનયાત્રા સુખથી, પૂર્ણ કરી શકાય.

**સતીશ :** રહો આનંદમાં એ સૂત્ર, સ્વીકારીએ શું શકું !
વિરહમાંથી મિલન તમને મળ્યું છે એટલે ?
દિલ પર વિંટાળી ગમ- તેથી ફર્યા કરૂં છું.
આવી શકે જો યાદ ઇશ એટલે જ.

**વિવરણ :** ગુરૂદેવ વર્ષના ૩૬૪ દિવસ માતાજીનો વિરહ વેઠે છે, પરંતુ ૩૬૫ મે દિવસે તેમનું મિલન મળી જાય છે. આ જગતમાં-સંસારમાં અમને ડગલે ને પગલે ગમ સિવાય અન્ય મળતું નથી હોતું. જે સત્ય આપને માટે છે તે અમારે માટે નથી. તો આપના આશીર્વાદની ઝંખના છે- "આનંદમાં રહેવા માટે જ"

**રાજયોગીજી :** **ઇશ છે સત્યમ્, શિવમ્, સુંદરમ્**
**અનુભવવા ઇશને, સમર્પિત થાવું પડે**
**નિષ્કામ ભાવે કર્મ કરો, ગમને અળગો કરો**
**આશિષ ઇશના મળતા રહે**
**આનંદની આભા પ્રસરતી રહે.**

**વિવરણ :** પરમાત્મા તો સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે. પરમાત્માનું આ ઐશ્વર્ય તો પ્રત્યેક પળે માણી શકાય જો આપણામાં ક્ષમતા અને સમર્પણ ભાવ હોય તો.

સંસારનું કોઇપણ કાર્ય સેવાની ભાવનાથી, નિષ્કામભાવે, પ્રભુપ્રિત્યર્થે જ કરીએ તો મનને ગમ, દુ:ખ, હતાશા, નિરાશા સ્પર્શી શકશે નહિં. ઇશ્વરના આશીર્વાદ, માર્ગદર્શન, હંમેશાં મળતાં રહેશે અને જીવનમાં આનંદ પ્રસરી રહેશે. હું તો માનો બાળ છું, આપ પણ બાળ બનો તો વિરહ માણવાની પણ મઝા આવશે.

**સતીશ :** માનવતા, પ્રેમ ને કરૂણાનો- આસવ બન્યો હશે,
તેમાંથી રાજયોગી ધરા પર થયા હશે.
આવો છે કેમ એ- કારણ હવે જણાયું,
ઝબકી સપનમાં ઇશ, જાગી ગયો હશે.



Scanned by CamScanner

ઘડે છે રોજ મૂર્તિ, વિવિધ એ પરંતુ
ઘડતાં ઘડીને બાળ-, એ નાચી ઉઠયો હશે
શબ્દોથી સત્ય ક્યારેય સરતું નથી સતીશ
ડૂબી જુઓ કિનારા સામા મળ્યા હશે.

**વિવરણ :** પરમાત્માએ પોતાના અંશ રૂપ-બાળને સૃષ્ટિ ઉપર જન કલ્યાણ અર્થે મોકલતાં, માનવતા પ્રેમ અને કરૂણા જે તેનાજ ગુણો છે તેનો આસવ-અર્ક બનાવ્યો હશે પછીથી ધરા પર માનવી તરીકે રાજયોગી પ્રગટ થયા હશે. રાજયોગીની મૂર્તિ બનાવતાં પરમાત્મા પણ નાચી ઉઠયો હશે. તેનો આનંદ ચરમ સીમા ઉપર હશે. આ આનંદમાં-રાજયોગીમાં ડૂબી જતા કિનારા-ક્ષિતિજો-ઉધ્ધાર સામે આવીને ઉભો હશે તે નિ:શંક છે.

**રાજયોગીજી :** **ઇશ છે મહાન સર્જનહાર, સંતો પરમનું સર્જન**
**નિજ કાર્ય કરાવવા, આવેલ વચન નિભાવવા**
**ઘડે ફિરસ્તાઓ નિજ પ્રતિકૃતિ સરીખા**
**મોકલે જગમાં નિજ કાર્યભાર સંભાળવા**
**દર્શન, માર્ગદર્શન આપે અહર્નિશ**
**સાનિધ્ય સતત કેળવતા રહે**
**માણવા ઇશના ઐશ્વર્યને**
**ડૂબકી મારો પ્રેમ સાગરમાં, ભક્તિ સાગરમાં**
**ભેટી જાશે કિનારા.**

**વિવરણ :** પરમાત્માતો સૃષ્ટિના મહાન સર્જનહાર છે, સંતો, ફિરસ્તાઓ પરમનું અદભૂત, મહાન સર્જન છે. પરમાત્મા પૃથ્વી પર પોતાનું કાર્ય કરાવવા તેમજ ભક્તોને આપેલ વચન નિભાવવા માટે પોતાની જ પ્રતિકૃતિ સરીખા, પોતાના જ અંશ એવા સંતોને ઘડે છે, તૈયાર કરે છે અને પૃથ્વી પર અવતરણ કરાવે છે. આવા સાત્વિક માનવોને પરમાત્મા પોતાનો કાર્યભાર સોંપે છે. અને તેમને સતત માર્ગદર્શન, દર્શન, સાનિધ્ય આપતા રહે છે.

પરમના ઐશ્વર્ય સમા સંતોને માણવા, દર્શન કરવા, અનુભવવા આપણે પ્રેમસાગરમાં, ભક્તિસાગરમાં ઊંડા ઉતરીએ, ડૂબકી મારીએ, તો સંતો અને પરમાત્માનો ભેટો થઇ જાય. જીવન ધન્ય બની જાય.

**સતીષ :** કહેવું ન' તું જ બાળ - કહેવું પડયું, પરંતુ,
કહે છે બધાને બાળ- છે ઇશ એ એટલે.
અમાનત તો છે અમારી- સાખે સૂરજ તપ્યાતે
પીડા ન' તી તમારી- માતે ! હતી તે રાતે
પુછી જુઓ જગતની- પ્રસન્નાને એકવાર
પ્રસન્નતાનાં પુષ્પો- આંસુ બની ખર્યાં તે
છે બાળ એ જગતના- જગના છે તારણહાર.

**વિવરણ :** માતાજી રાજયોગીજીને નિજ બાળ તરીકે સંબોધે છે. રાજયોગી અત્રે માનવી તરીકે વિદ્યમાન



Scanned by CamScanner

છે એટલે રાજયોગી તો સંસારના બાળ છે એવો જગતનો દાવો છે. રાજયોગી અમારા છે, જગતના છે, નહીં કે ઓ દિવ્યમાતા - તમારા !

રાજયોગીજી : રાજબાળ છે નૂર દવેકુળતણું.

માત તાતનો પ્યારો દુલારો

એ વાત જગજાહેર છે.

પરમેશ્વરીએ પાલવ પસવારી

અમી સિંચન કર્યું, જીવનદાન દીધું.

એ વાત જગજાહેર છે.

સેવા કાર્ય થકી આધિ, વ્યાધિ, ઉપાધિ ટળી

હળવાં થયાં જગમાનવો.

**અહોભાવ ધર્યો, શ્રધ્ધા સુમન ધરી,**

**અમાનત બનાવી, સાચવી પ્રેમથી હૃદય ડાબલીમાં**

**હક પ્રસ્થાપિત કર્યો "અમાનત અમારી છે."**

**વિવરણ :** રાજયોગી દવે કુળનું નૂર (તેજ) છે અને માતા પિતાનો પ્યારો દુલારો છે એ વાત જગતમાં સુવિદિત છે. માતાજીએ અમીસિંચન કરીને બાળકને જીવનદાન દીધું એ વાત પણ સુવિદિત છે.

નિસ્વાર્થ સેવાકાર્ય થકી જગતના માનવીઓના દુઃખ દર્દ ટળી જતાં તેઓ હળવાં થયાં, સુખી થયાં જેથી શ્રધ્ધાળુ માનવોએ અહોભાવ વ્યક્ત કરી, પ્રેમથી રાજબાળને પોતાના ગણ્યા, પ્રેમથી હૃદયમાં સ્થાન આપ્યું, અને 'રાજયોગીજી અમારા જ છે' એવો હક પ્રેમથી પ્રસ્થાપિત કર્યો.

ૐ મા ૐ

## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

**મુલાકાત સ્થળ** : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફલેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય** : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ**

પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી.

શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.



Scanned by CamScanner

# "માનવતાની માસ્ટર કી"

પૂ. રાજયોગી નરેન્દ્રજી

પરમશક્તિ મા ગાયત્રીના વ્હાલાં બાળકો,

મને ગુરૂપદે સ્થાપી ગુરૂપૂર્ણિમા ઉજવતા મારા શિષ્યો, સાચા અર્થમાં માનવ બને અને માનવતાને મહેકાવે તો જ સાચું શિષ્યત્વ પ્રાપ્ત કરી શકે

તમારી નિયમિત ઉપાસના, કે મંત્રજાપ યંત્રવત્ ન બની જાય તે માટે તમારે તમારી આધ્યાત્મિક ઉર્જાને સદાય સચેત રાખવી પડશે. સાત્વિક જીવન, સત્સંગ અને મંત્રજાપ કે નામ સ્મરણ તમારી ઉપાસનાની આધ્યાત્મિક ઉર્જાને પ્રજ્જવલિત રાખવામાં મદદરૂપ થઇ શકશે.

**સાચા માનવ બની માનવતા મહેંકાવવા માટે તમારે પરમાત્માનું - માતાનું સતત સાનિધ્ય કેળવવું પડે અને તેના માટે તમારે પરમાત્માના - માતાજીના બાળ, આત્મિય કે આત્મજ બનવું પડે.**

શાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણે પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે, સત્ય સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે, સુંદર છે અને કલ્યાણકારી છે. પરમાત્મા આ મહાન સદ્ગુણોનો વારસો આત્મામાં સ્થિત થાય તો જ આપણે પ્રિય, પ્રીતિ પાત્ર બાળક બની શકીએ.

આપણે જીવાત્માઓ શિવ પરમાત્માના અંશ છીએ. આપણા બાળપણાના વર્ષો, આપણું બાળપણ પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અને ગુણોથી વિભૂષિત જ હતું. પરંતુ સંસારમાં માયાનું આવરણ ઘટ્ટ બનતાં, અન્ય માયાવી દુર્વૃત્તિઓએ પ્રવેશ કર્યો અને ભૌતિક જિજીવિષાઓએ પરમાત્માનું છેટું પાડી દીધું. આત્મિક સંબંધનું અંતર વધારી દીધું.

**પરમપિતા પરમાત્મા સાથેના આત્મિક સબંધનું અંતર ઘટાડવા માટે, આત્મામાં ઓતપ્રોત થવા, ઐકયતા સાધવા માટે, તમારે ફરીથી બાળસહજ નિર્દોષતા કેળવવાનો પ્રયત્ન કરવો પડશે. સાચા ભક્ત બની ભાવ જગતમાં ખોવાઇ જવું પડશે. પરમાત્માની સકળ જડ ચેતન સૃષ્ટિમાં તેના જ દર્શન કરી, પ્રેમભાવ પ્રદર્શિત કરી આત્મિયભાવ કેળવવો પડશે.**

પરમનો આત્મિયભાવ આપણે આપણા ઘર આંગણેથી જ શરૂ કરીએ તો કેવું ? મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન કુટુંબ અને સમાજમાં પ્રવર્તતી વિસંવાદિતાનું વિષ મને બેચેન બનાવી દે છે. વિષના આ વહેણને, અમૃતમાં, પ્રેમામૃતમાં, પ્રેમગંગામાં પલટાવવાની મારી મહેચ્છા છે. આપ સર્વેનો સાથ, સહકાર અને પુરૂષાર્થ હશે તો આપણા સામૂહિક પુરૂષાર્થથી વિષના વહેણને પ્રેમગંગામાં પલટાવી શકીશું. આપણે અનુભવી રહ્યાં છીએ કે, અર્વાચીન કુટુંબ જીવન, સમાજ જીવન, કેટલું બધું કલુષિત બની ગયું છે. ધાર્મિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ, રાજકિય સંસ્થાઓ વિગેરે બધીજ જગ્યાએ વિષના વાદળો છવાઇ ગયાં છે. વિશ્વના કોઇપણ ક્ષેત્રમાં શાંતિમય, સહઅસ્તિત્વ જાળવવામાં અને નૈતિક મૂલ્યોને સાચવવામાં આપણા પ્રયાસો ઘણા જ વામણા અને પાંગળા પૂરવાર થઇ રહ્યા છે. આપણી આર્ય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો કેટલા ઉંચા હતા ? સમયના પ્રવાહમાં આ ઉચ્ચ આદર્શો અને મૂલ્યો લુપ્ત થતા જાય છે.

આપણા કુટુંબની દશા દયાજનક છે. જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર અને ઘર્ષણ વધતું જાય છે. આધુનિક જીવનશૈલી, શહેરી કરણ, શિક્ષણ પ્રણાલિ અને દૂરદર્શન જેવા આધુનિક સાધનોથી ઘરનું



Scanned by CamScanner

વાતાવરણ ઘોઘાંટ ભર્યું, અને માનમર્યાદા વગરનું બની ગયું છે. લાજ શરમ નેવે મૂકાઇ ગયાં છે.

પતિ અને પત્નિના સુખી દાંપત્ય અને સહજીવનથી બાળકો પેદા થાય છે. બાળકોની સાર સંભાળ અને માતૃવાત્સલ્યમાં ઓતપ્રોત પત્નિ પતિ પ્રત્યે દુર્લક્ષ સેવે જેથી પતિનું મન દુઃભાય. બાળકો મોટાં થતાં, પુત્ર વધુનો પ્રવેશ થતાં પુત્ર ખોવાઇ જાય કે પુત્રી હોય તો સાસરે જાય, એટલે ઘડપણમાં વળી પાછાં પતિ પત્નિ એક બીજાનો સહારો શોધતાં રહે.

**'હું' અને 'તું'**
**'તું' માંથી ત્રણ થયાં**
**'હું' ના ભાવ ગયા**
**ત્રણમાંથી ચાર થયા**
**'હું' અને 'તું' એક થયાં**

દામ્પત્ય જીવનની શરૂઆતથી જ અને ઘડપણમાં તન અને મનની સ્વસ્થતા સારી રહે તો સહારો સુખમય નીવડે પરંતુ જીવનની શરૂઆતથી ઉત્તરાવસ્થા સુધીના સમયના ચઢતા ઉતરતા વહેણ જીવનને વિસંવાદિતાથી ભરી દે છે.

અપવાદ બાદ કરતાં સામાન્ય રીતે પુત્રવધુનો પ્રવેશ થતાં ઘરની રીત રસમ બદલાવા માંડે છે. પુત્ર પરાયો લાગવા માંડે છે. લોહીની સગાઇ ન હોવાથી અરસપરસ આત્મિયતા, સહૃદયતા કેળવી શકાતી નથી અને સાસરિયાં પરાયાં લાગવા માંડે છે. પત્નિની શેહ શરમ અને દબાણને વશ થઇ પુત્ર સાસરિયાંનુ સગપણ વધારે છે. માતા પિતા, દાદા દાદી, ભાઇ બહેન આડખીલી રૂપ બોજા રૂપ લાગવા માંડે છે. વસ્તુ અને વાતોમાં પોતાનું અને પરાયા પણાનો ભેદ વર્તાવા લાગે છે. કુટુંબ કલેશની વિષવેલ પ્રાંગરે છે. સંયુક્ત કુટુંબની ભાવના અને વ્યવસ્થા તૂટવા માંડે છે. વળી યંત્રયુગ, શહેરી કરણ અને વ્યક્તિ સ્વાતંત્ર્યને કારણે પ્રાચીન કુટુંબ પ્રણાલિ, માન મર્યાદા અને રીત રિવાજો ઘસાતા જાય છે. અર્વાચીન યુગમાં તો માતા પિતા અને બાળકો (૨૧ વર્ષ સુધીના કે અપરિણિત હોય ત્યાં સુધી) નું જ કુટુંબ ગણાય. વડીલો માટે ઘરમાં માન નથી, સ્થાન નથી. વૃધ્ધાશ્રમો તેમની ઉત્તરાવસ્થાનો આશરો અને આશ્રય સ્થાન બની રહે છે.

આવા કલુષિત સમાજ અને કુટુંબનું નવ સર્જન કરવા માટે અને આર્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરવા માટે આપણે કટિબધ્ધ થઇએ.

તમારો પ્રશ્ન હશે કે અમે કેવી રીતે કટિબધ્ધ થઇએ ? અમે શું કરીએ ? કેવી રીતે આપના નવ સર્જનના કાર્યમાં ભાગીદાર થઇએ ?

આજથી જ તમે સહુ સાચા અર્થમાં માનવ બનવાનો દૃઢ સંકલ્પ કરો. તમે બધાં મનુષ્ય છો પરંતુ સાચા અર્થમાં માનવ બનવા માટે માનવીય ગુણો ઓછાવત્તા અંશે કેળવવાના બાકી છે. માનવીય ગુણો કેળવવા માટે માનવતાના મૂલ્યોને અપનાવવા પડે.

પરમાત્મા આ સૃષ્ટિના સર્જક છે. આપણે સહુ તેનું સર્જન છીએ. જડ ચેતન સૃષ્ટિમાં તે વ્યાપ્ત છે, વિલસી રહ્યા છે, તેથી પરમાત્માના અંશ એવા આપણે પરમાત્માની સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં એક રૂપ થઇ જઇએ.

આપણો સંસાર તો પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. તેના મૂળમાં દેવત્વ રહેલું છે. સંસારની પ્રત્યેક



Scanned by CamScanner

વ્યક્તિ, માતા, પિતા, ભાઇ, બહેન, પતિ, પત્નિ સમાજના નજીકના અને દૂરના સગાં, મિત્રો, સહકાર્યકર્તાઓ વિગેરેની સાથે પ્રેમભાવ રાખીએ, સહૃદયતા કેળવીએ. સંસારની પ્રત્યેક વસ્તુ પરમાત્મામય છે તેમ સમજી તેની સાથે પ્રેમાળ, મૃદુ વર્તાવ કરો અને પછી તમે જાતે જ અનુભવશો કે તમારા માટે બધાં જ આત્મિય છે અને તમે બધાનાં આત્મિયજન છો. તમારા માટે બધાંને માન અને પ્રેમ ઉદ્‌ભવશે. તમારી પ્રેમમય ભાવનાની ભવ્યતાને લીધે તમારી ઉપસ્થિતિથી જ સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રગટશે.

**આવો પ્રેમાળ સ્વભાવ અને જીવન ઘડતર મારો પ્રત્યેક શિષ્ય કેળવે અને આચરણમાં મૂકે તો જીવનમાં સાચી માનવતા પ્રગટે.**

**મારે તો સંસારને સરળતા, સહૃદયતા, સહકાર અને સમભાવથી તરવા માટે 'માસ્ટર કી' આપવી છે. આપ કોઇપણ 'માસ્ટર કી' અપનાવો અને આપની માનવતા મહેંકી ઉઠશે.**

**'માસ્ટર કી'**

| | | |
|---|---|---|
| (૧) | પ્રેમાળ વર્તન | :- પ્રેમ માર્ગ. |
| (૨) | સમજણ ભર્યું વર્તન | :- જ્ઞાન માર્ગ. |
| (૩) | સહનશીલતા ભર્યું વર્તન | :- સહન માર્ગ. |
| (૪) | ક્ષમાશીલ વર્તન | :- ક્ષમા માર્ગ. |

**(૧) પ્રેમાળ વર્તન :- પ્રેમ માર્ગ**

તમારા સંપર્કમાં આવતી પ્રત્યેક વ્યક્તિને નિ:સ્વાર્થ, નિર્મળ, નિર્દોષ પ્રેમથી સભર કરી દો. બદલામાં તમને પ્રેમ જ મળશે. થોડી રાહ જોવી પડે તો ધીરજ રાખજો, નાસીપાસ ન થશો.

**(૨) સમજણ ભર્યું વર્તન :- જ્ઞાન માર્ગ.**

તમે જો પ્રેમાળ વર્તન દાખવી શકતાં ન હો, પ્રેમ કરવાનું તમને પરવડે તેમ ન હોય તો સામી વ્યક્તિ કે જે તમારા સંપર્કમાં આવે તેના વાણી, વર્તન, વ્યવહારને સમજવાનો પ્રયત્ન કરો. તેના દૃષ્ટિકોણને સમજો. તેના ભાવને સમજવાનો પ્રયત્ન કરો. તમારી સાચી અને રાગદ્વેષ રહિતની સમજણથી વાતાવરણમાં કલુષિતતા પ્રવેશતી અટકી જશે. તમારી સમજણથી સબંધો સંધાઇ જશે, વિખરાઇ જતા, તૂટી જતા અટકી જશે.

**(૩) સહનશીલતા ભર્યું વર્તન :- સહન માર્ગ.**

આપ આપના સાંસારિક અને દુન્યવી સબંધોમાં સમજણનો માર્ગ પણ ન અપનાવી શકતા હો તો તમારે સહનશીલ બનવું પડે. સંપર્કમાં આવતી વ્યક્તિઓની તમને લાગતી કે સ્પર્શતી હકીકતોને સહન કરતાં શીખો. આવા પ્રસંગે શબ્દોની સોદાબાજી, વાણીનો વિલાસ કે ભાષાની ભવાઇ કરવાને બદલે મૌન રહેવાનું પસંદ કરો. મૌન રહી, ઇન્દ્રિયોને આંતરમુખ કરી માનસિક મંત્રજાપ, ભગવત્ સ્મરણમાં તે સમયને પસાર કરો. સામે કોઇ પણ પ્રતિકાર ન કરો. બને તો વાતાવરણને બદલી નાખો. એકપક્ષીય કટુ વ્યવહારની અવધિ બહુ જ ઓછી હોય છે.

**(૪) ક્ષમાશીલ વર્તન :- ક્ષમા માર્ગ.**

તમારા કુટુંબીજનો કે સંપર્કમાં આવતી અમુક વ્યક્તિઓના અશિષ્ટ વાણી, વર્તન અને વ્યવહારને



Scanned by CamScanner

મૌન રહીને સહન કરવાની ક્ષમતા પણ ન ધરાવતાં હો તો તમે તેમની હરકતોને અવગણીને માફ કરી દો. "ક્ષમા વીરસ્ય ભૂષણમ", એ ઉકિત અનુસાર તમે ક્ષમાનો ગુણ કેળવી લો.

સંસારની કોઇપણ સમસ્યાઓને ઉકેલવા માટે કોઇપણ એક કે વધુ 'માસ્ટર કી' નો ઉપયોગ કરો. માનવતા પ્રગટાવવા અને પ્રસરાવવા માટે જીવનમાં પ્રત્યેક પળે અને પ્રસંગે 'માસ્ટર કી' નો ઉપયોગ કરો.

વિશ્વ બંધુત્વની ભાવના વિકસાવવાના મારા અભિયાનમાં આપ સહુના સહકારથી જ માનવતાની મહેંક પ્રસરાવી શકાશે, માનવતાની સાંકળને વિસ્તારી શકાશે, આજના ગુરૂપૂર્ણિમાના પર્વે આપ સહુ સંકલ્પ કરો કે, જીવન અને સંસારની કલુષિતતાને મીટાવી પ્રેમ અને સદ્‌ભાવનાનું વાતાવરણ પ્રસ્થાપિત્ત કરીએ.

ૐ મા ૐ

## નૂતન વર્ષાભિનંદન

ગાયત્રી માતાજીના વહાલાં બાળકો,

માનવતાને અપનાવી

માનવતાને મહેંકાવો.

આશીર્વાદ........

**-: સમાચાર :-**

તા. ૨૧-૧૦-૯૮ બુધવાર નૂતનવર્ષ - પૂજ્ય રાજયોગીજીના દર્શનનો લાભ મળી શકશે.

**સ્થળ :** શ્રધ્ધા કુટીર, ૭૭, યોગેશ્વરનગર સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**સમય :** સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ સુધી.



Scanned by CamScanner

# જન્માષ્ટમી

પૂજ્ય. રાજયોગીજી

તા. ૧૫-૮-૯૮ શનિવારે જન્માષ્ટમી અને સ્વાતંત્ર્ય દિનનો સુભગ સમન્વય હતો. શ્રધ્ધા કુટીરમાં પ્રતિવર્ષ જન્માષ્ટમીનો તહેવાર શ્રધ્ધા - ભક્તિથી ઉજવાય છે. કૃષ્ણ સખા રાજયોગી, શ્રી કૃષ્ણના જીવનની અવનવી અને ગોપિત વાતો તેમજ કૃષ્ણના જીવનના આદર્શો અને આદેશોની વાતો પોતાની આગવી શૈલીમાં ભક્ત સમુદાય સમક્ષ રજુ કરતા રહે છે.

આ વર્ષે પણ શ્રધ્ધાળુ ભક્તોથી શ્રધ્ધા કુટીર સાંજે છ વાગે ભરાઇ ગઇ હતી. ભજન, ધૂનની રમઝટ રાજયોગીજીનું નિર્દોષ બાળ સહજ નૃત્ય, શાસ્ત્રીય સંગીત અને આલાપ માણવાનો પણ એક અમૂલ્ય લ્હાવો હતો. પૂજ્યશ્રીએ શ્રી કૃષ્ણના આદેશ "કર્મણ્યે વાધિ કારસ્તે મા ફલેશુ કદાચન્" પર અતિ સરળ ભાષામાં મનનીય પ્રવચન કર્યું હતું. જે અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## "કર્મણ્યે વાધિ કારસ્તે મા ફલેશુ કદાચન્"

તા. ૧૫-૮-૯૮ શનિવાર

પરમશક્તિના પ્યારા બાળકો,

શ્રી કૃષ્ણના જીવનની અવનવી ઘટનાઓથી આપણે સહુ વાકેફ છીએ. તેમના જીવનના અવનવાં પાસાંઓની તેમના વિવિધ કાર્યોની, જન્મથી અંત સુધીના કર્મોની ચર્ચા કરવામાં આવેલ છે. વળી કૃષ્ણ સખા દીર્ઘનું ગોપિત પાત્ર આપની સમક્ષ રજુ કરવામાં આવ્યું, દીર્ઘ મારફતે શ્રી કૃષ્ણએ પોતાના જીવનના ઉદ્દેશ્યનો અને વિરહનો સંદેશ ગોકુળવાસીઓને પાઠવ્યો.

શ્રીકૃષ્ણના જીવનના પ્રસંગોમાં કટોકટીને સમયે તેમણે કયો માર્ગ અપનાવ્યો હતો ? શું કર્યું હતું ? તે પ્રસંગોને વાગોળીને, વિચારીને આપણા જીવનમાં ઉદ્‌ભવતા આવા પ્રસંગોમાં આપણે તેઓશ્રીના માર્ગને અનુસરવા પ્રયત્ન કરીએ. કાર્યોમાં અજબ કુનેહ, રાજનીતિ હતી. શામ, દામ, દંડ ભેદથી પ્રશ્નો ઉકેલવાની તેમની રીત ધર્મના સિધ્યાંતોને નીતિ, રીતિને અનુરૂપ જ હતી.

સાંપ્રત સમયમાં આજે ચારે બાજુ અશાંતિ, અજંપો છે. આપણું અંતર પોકારી રહ્યું છે કે, શ્રી કૃષ્ણે કોલ આપ્યા પ્રમાણે વચન આપ્યા પ્રમાણે તેમનો પ્રગટ થવાનો સમય થઇ ગયો છે, પરંતુ એ વાતની ખાતરી રાખો કે તેમના વચન મુજબ તેમનું પ્રાગટ્ય થઇ ચુક્યૂં હોય છતાં પણ આ સમયમાં તેમનું કાર્ય કરવામાં ખૂબજ અવરોધો આવે. મહાભારતના સમયે એક જ દુર્યોધન હતો, એક જ કંસ હતો, આજે હજારોની સંખ્યામાં દુર્યોધનો અને કંસો છે. લાખોની સંખ્યામાં અનીતિમય કૌરવો છે.

આ બધાંને મહાત કરવા, સંહાર કરવા આપણે ધનુર્ધારી અર્જુન, સદ્‌ગુણ રૂપી ધનુષ ધારણ કરી અર્જુન જેવા વીર યોધ્ધા બની કૃષ્ણને સખા બનાવવા પડશે. પાંડવોમાં રહેલી સત્ય પરાયણતા કેળવવી પડશે.

આજે જન્માષ્ટમી શ્રી કૃષ્ણનો જન્મ દિવસ છે. શ્રાવણ માસની અંધારી અષ્ટમી કૃષ્ણ જન્મથી ઉજ્જવળ બની ગઇ, ધન્ય બની ગઇ, જન્માષ્ટમીની ઉજવણી ત્યારે જ સાર્થક થઇ ગણાય, જ્યારે આપણે શ્રી કૃષ્ણના જીવનના આદર્શો અને આદેશોને આપણા જીવનમાં આત્મસાત્ કરીએ.

આજે તો યુવા વર્ગમાં જન્માષ્ટમીનું પર્વ જુગાર અને અશ્લિલતાનું પર્વ બની ગયું છે, જે ઘણા જ



Scanned by CamScanner

ખેદની, શરમની વાત છે જન્માષ્ટમીનું હાર્દ તેનો મર્મ સદંતર વિસરાઇ ગયાં છે. બાળ કૃષ્ણની ગોપીઓ - વ્રજવાસીઓ સાથેની નિર્દોષ ચેષ્ટાઓને, વિકૃત રીતે અનુસરવામાં આજનો યુવા વર્ગ ગૌરવ અનુભવે છે, અશ્લિલ મઝા લૂંટે છે. રાસની રસલ્હાણમાંથી નિષ્પન્ન થતી નિજાનંદની મસ્તી સમજવા માટે, માણવા માટે ગોપીભાવ કેળવવો પડે, ગોપી બનવું પડે.

શ્રી કૃષ્ણના આદર્શો અને આદેશોને આપણે સાવ વિસરી ગયાં છીએ. 'ગીતા' નું સમજ પૂર્વકનું વાંચન, મનન શ્રી કૃષ્ણના આદર્શો અને આદેશોને સમજવા માટે ઘણું જ ઉપયોગી થઇ પડશે. જીવન ઘડતર અને જીવન ચણતરની સમૃધ્ધ સામગ્રી તેમાં ભરેલી છે. અર્જુનને - ભારતને સંબોધીને કહેવામાં આવેલ ગીતાનું જ્ઞાન સમસ્ત માનવ જાતને લાગુ પડે છે. આપણે આપણી જાતને સાચા અર્થમાં અર્જુન - કૃષ્ણ સખા બનાવવા પ્રયત્ન કરીએ.

શ્રી કૃષ્ણના અનેકમાંના એક આદેશને આત્મસાત કરવાનો, જીવનમાં અપનાવવાનો નિર્ધાર કરીએ - સંકલ્પ કરીએ.

**'કર્મણ્યે વાધિ કારસ્તે મા ફલેષુ કદાચન્'**
**"કર્મમાં જ તારો અધિકાર છે ફળમાં નહિં"**

સામાન્ય માણસને આ આદેશ સમજવામાં અને પચાવવામાં જરા અઘરો પડે તેમ છે. સામાન્ય માણસના મનમાં આવા પ્રશ્નો ઉદ્‌ભવે કે -

ધ્યેય સિધ્ધિ વગર કર્મ કેવી રીતે કરી શકાય ?

મનુષ્ય જીવનનો હેતુ શો ?

આપણું જીવન શાના માટે છે ?

ફળ પ્રાપ્તિનો આનંદ ન હોય તો પછી કર્મ કરવામાં ઉત્સાહ કેવી રીતે વધે? આનંદ કેવી રીતે આવે?

પરમાત્મા સૃષ્ટિના સર્જક છે. સૃષ્ટિની પ્રત્યેક વસ્તુ જડ અને ચેતન, માનવ અને પશુ પંખી, જીવજંતુ સઘળું તેનું સર્જન છે. દરેક સર્જન હેતુલક્ષી જ હોય છે.

પરમાત્માના ગહન હેતુને સમજવાની આપણી શક્તિ અને બુધ્ધિ નથી. સર્જન, સંવર્ધન અને વિસર્જન એ સૃષ્ટિનો ક્રમ છે. જીવન પણ આ ક્રમમાં જ ગતિ કરે છે.

મનુષ્યનું શરીર જન્મથી જ યંત્રની જેમ સતત કર્મ કરે છે, શરીરની પ્રત્યેક ઇન્દ્રિયોને કાર્યાન્વિત કરે છે. શ્વાસ, પાચન, રુધિરાભિસરણ, ઉત્સર્ગ વિગેરે પ્રત્યેક ક્રિયાઓ જન્મથી જ શરૂ થઇ જાય છે. કર્તાપણાના ભાવ વગરની આ ક્રિયાઓ જીવનપર્યંત અવિરત પણે ચાલ્યા જ કરે છે.

શરીરનું શૈશવ પસાર થતાં જ ઇન્દ્રિયોની સાથે મન કાર્યાન્વિત થાય છે. મન ચિત્તવૃત્તિને બહેકાવે છે અને અહમ્‌ને પોષે છે. એષણાઓ ઉત્તેજીત બને છે, એષણાઓની પરિતૃપ્તિ માટે માણસ પુરૂષાર્થ કરે છે, કર્મ કરે છે, સાધન, સંપત્તિ, સુખ, મેળવવા માણસ સારા માઠાં કર્મો કરે છે અને સારાં માઠાં ફળ - પરિણામ મળતાં સુખ કે દુઃખ અનુભવે છે. એષણાઓની પરિતૃપ્તિ અર્થે મનુષ્ય કર્મ બંધનમાં ફસાય છે અને જન્મ મરણના ચક્રમાં અટવાયા કરે છે.

શ્રી કૃષ્ણ ભગવાનના આદેશનું પાલન કરવા માટે અને જન્મ મરણના ચક્રમાંથી છૂટવા માટે આપણે આપણું પ્રત્યેક કર્મ ફરજની રૂએ જવાબદારી પૂર્વક કરવાનું છે.

(૧) દરેક કર્મ પ્રભુ પ્રિત્યર્થે જ કરવાનું. અહમ્‌ને અળગો કરી, પોતાની જાતને સાધન માત્ર ગણી



Scanned by CamScanner

ફરજની રૂએ નિષ્ઠા પૂર્વક કર્મ કરવાથી તે કર્મ અકર્મ બની જાય.

(૨) કર્મ કરતાં જે કાંઇ ફળ પ્રાપ્તિ થાય તેમાં પરમાત્માની કૃપા, મંજુરી સમજી તેની સારી માઠી અસરમાંથી મુક્ત રહેવું. માનસિક સમતુલા રાખી પરમાત્માની મરજીને જ સર્વોપરિ માની તેમાં કોઇ શુભ સંકેત છુપાયેલો જ છે એમ માની સમદર્શી - સ્થિતપ્રજ્ઞ રહેવું.

(૩) પુરૂષાર્થના પ્રવાહને સતત વહેતો રાખવો. આપણે પુરૂષાર્થ પણ પરમાત્માની જ શક્તિ અને બુધ્ધિ છે તેમ સમજી સતત કાર્યશીલ રહેવાથી પરમાત્માના ધ્યેયને હાંસલ કરવામાં આપણો સહયોગ આપ્યાને, સેવા કર્યાનો સંતોષ અનુભવી શકાશે.

આપણું સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વ પરમના નિયંત્રણમાં મુકી દેવાથી, આપણું જીવન, જીવનનું ધ્યેય હેતુ વિગેરેમાં "મારા પણાનો' "હું પણાનો" ભાવ ભૂલાઇ જશે. હું અને પરમાત્મા એક જ છીએ, "અહમ્ બ્રહ્માસ્મિ"નો ભાવ આવી જાય. પછી 'હું અને કૃષ્ણ' અભિન્ન બની જાય તેની ઈચ્છા, તેનું કાર્ય મારૂં જ કાર્ય મારીજ ઇચ્છા બની જાય. કર્તા પણાનો ભાવ ઓગળી જાય.

આજથી જ આપણે શ્રી કૃષ્ણના આદેશને અનુસરીને કર્તા પણાનો ભાવ ભૂલીને પુરૂષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહીએ.

ૐ મા ૐ

**શ્રધ્ધાના ગૌરીંગ કૃષ્ણને એટલું જ કહેજો કે.....**

**કનૈયા કામણ કેવું કીધું**

રાગ :- સમારા ચરણકમળમાં રહીશો. **- મુંજાલ દવે.**

કનૈયા કામણ કેવું કીધું,
ભક્ત હૃદયનું ગોરસ ભગવન્ ! ભાવથી લૂંટી લીધું... કનૈયા.
પરમશક્તિએ પરથમ તને પયપાન કરાવી દીધું,
જગ - પૂતનાના ઝેર જીરવવા, અમરત આપી દીધું... કનૈયા.
ગામેગામ જઇ ગૌર કૃષ્ણ ! તેં ગોકુળ સરજી દીધું,
માગી દરદના દાણ દયાળુ, જગને ઘેલું કીધું... કનૈયા.
કુમતિ કેરા કાલિય નાથી નિર્મળ નેહ - નીર દીધું.
પરદેશે પ્રગટાવી ગંગા, યમુના જળ વળી દીધું... કનૈયા.
ગાયત્રી ગોવર્ધન ધારી વ્રજને ઉગારી લીધું,
મન મધુવનમાં વેણુ વગાડી ચિતડું ચોરી લીધું... કનૈયા.
મયૂર - પીરછ ધર ! રાજ મયૂર હે થનગન નર્તન કીધું,
રાજ રાસેશ્વર ! ભક્ત હૃદયને વનરાવન કરી દીધું... કનૈયા.
યુગે યુગે અવતાર ધરૂં હું અભય વચન એ દીધું,
નરેન રૂપે અર્જુન કાજે, અખિલ મધુર રૂપ લીધું... કનૈયા.
કારાવાસમાં 'મુંજ' કાળજડું કોરી કવિત આ કીધું,
કિમ્બર્લીમાં કૃષ્ણ ! પ્રગટજો, ભાવ નિમંત્રણ દીધું... કનૈયા.



Scanned by CamScanner

# સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

ડૉ. તપસ્વી નાન્દી

પૂજ્યશ્રીએ બતાવેલો ઉપાસનાનો માર્ગ પણ વિશિષ્ટ છે. એમણે ચીંધેલી ઉપાસનાને આપણે 'સહજ ઉપાસના' તરીકે ઓળખીશું. સહજ એટલે જન્મ સાથે જ પ્રગટેલી, સાહજિક, સરળ, સુષ્ઠુ અને સુંદર. સામાન્ય રીતે વ્રત, ઉપાસના માર્ગ અતિ કઠોર મનાયા છે. તેમાં આ કરવું, આ ન કરવું, આમ થાય, આમ ન થાય, આમ વિચારાય, આમ ન વિચારાય, આ સમયે જ થાય, આ સમયે ના થાય, એવા અનેક 'do's અને 'dont's જોડાયેલાં હોય છે. જ્યારે પૂજ્યશ્રીએ જે અધ્યાત્મ ક્રાન્તિ આણી છે તેમાં ઉપાસના બિલકુલ સ્વાભાવિક, નિજી સરળતાવાળી, 'સહજાં' સાથે જ જન્મેલી બની ગઇ છે. કહો કે, એક રીતે વિચારીએ તો વ્યક્તિ જન્મને વહેંત ઉપાસનાનો આરંભ કરી શકે છે ! વાસ્તવમાં આ સરળતા અને ઋજુતા માટે પૂજ્યશ્રીની એક જ અપેક્ષા છે - 'શ્રધ્ધા અને શરણાગતિ'. આંતર સમર્પણ જે Total હોવું આવશ્યક છે. કહો કે સબાહ્યાન્તઃકરણથી પરમતત્વ કહેતાં શ્રી ગાયત્રીમાને ચરણે સમર્પિત થવું. ઊંડી અભિપ્સા, સંસારના ભાવો તરફ તિતિક્ષા, તાટસ્થ્ય, અને આરાધ્યને પામવા પ્રતિપળ ઉઠતો હૃદયનો ઉમળકો, ઉત્કંઠા, તીવ્રતા આ સઘળું તો શરણાગતિની સાથે આપો આપ તાણાવાણાની માફક વણાઇને આવી જશે ! એક એવું અધ્યાત્મ પટોળુ ગૂંથાશે કે શ્રીમાને એના ઉપર ચરણ પાડ્યા વગર છુટકો જ નહિ રહે !

શ્રધ્ધા અને શરણાગતિના સામર્થ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. નરસિંહ મહેતા અથવા મીરાંબાઇ આ ભક્તોએ કેવળ પ્રેમને - પ્રભુ પ્રેમને જ સાક્ષાત્કારનું સાધન બનાવ્યો. ન કોઇ વિધિવિધાન તેમણે આચર્યા કે ન કોઇ સામાજિક આડંબરો કેળવ્યા. પૂજ્યશ્રી જણાવે છે કે જેમને અમુક સ્થળ અને અમુક સમય જાળવવાનું અનુકૂળ છે તેઓ ભલે ધૂપ, દીપ સાથે વિધિવિધાન પૂર્વક મા ગાયત્રીને ઉપાસના કરી શકે છે, પણ મા ગાયત્રીને સ્થાને સાધક કોઇ પણ પોતાના ઇષ્ટ દેવતાને ગોઠવી શકે છે એવું પૂજ્યશ્રી ભાર પૂર્વક કહે છે. આથી જ એમના વિચારોમાં જે ઉદારતા, વ્યાપકતા, બિનસાંપ્રદાયિકતા, ધર્માન્ધતાનો અત્યંત અભાવ, અને પરમ સહિષ્ણુતા છે તે આપોઆપ સ્પષ્ટ થાય છે. જરૂર છે ફક્ત નિશ્ચય કેળવીને પરમતત્વ તરફ અભિમુખ થવાની, ઇશ્વર માટેના પ્રેમની, આરઝૂની, લગનની. તમારા ઇશ્વર ચાહે મંદિરમાં હો દેરાસરમાં હો, મસ્જીદમાં હો, ગિરિજાઘરમાં હો, કે ક્યાંય પણ હો પૂજ્યશ્રીને તેનો કોઇ વાંધો નથી. અપેક્ષા એટલી જ છે કે આપ જાગો, ઉઠો, ભોર ભયી ! જાગ મુસાફિર અબ કહાં તક સોવત હૈ ? **उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान् निबोधत** - ઉઠો, જાગો, મુરબ્બીઓ- અધ્યાત્મ મુરબ્બીઓને સેવો અને સાંભળો એ જે કહે તે, કરો એ જેમ આદેશ આપે તે રીતે ! પરમતત્ત્વ સામે ચાલીને, હાથ ફેલાવીને તમને આશ્લેષવા દોડી આવશે.



Scanned by CamScanner

# "ચરણને આવરણ"

**હેમત ઉપાધ્યાય ૧૧-૩-૯૮**

ચરણમાં એક શક્તિ છે. એ વ્યક્તિના સામર્થ્ય પ્રદાનનું સ્ત્રોત છે. વ્યક્તિના આશીર્વાદનું દ્વાર છે. ચરણ વંદન સિવાયના બધા જ નમન માત્ર વિવેકનું પ્રતિક છે જ્યારે ચરણ વંદન એ સમર્પણ, શરણાગતિ અને શ્રધ્ધાનુ પ્રતિબિંબ છે. જ્યારે ચરણ પર મનુષ્યના હાથની હથેળીનો સ્પર્શ થાય છે ત્યારે શક્તિનું આદાન - પ્રદાન થાય છે.

'પુત્રના લક્ષણ પારણામાંથી તો વહુના લક્ષણ બારણામાંથી' આમ ચરણ, મનુષ્યની પ્રકૃતિ, સ્વભાવ, સંસ્કાર અને ચારિત્ર્યનું પ્રતિક છે. સંતોની સમાધિ પછી પણ આપણે તેમના પગલાંને વંદન કરતાં હોઇએ છીએ, તો ઘરમાંથી મૃત શરીરને વિદાય કરતાં પહેલાં પણ પ્રદક્ષિણા કરીને ચરણ વંદન કરવામાં આવે છે. આમ ચરણનું મહત્વ અતિ ઉંચું છે.

મનુષ્ય જીવનમાં ઊંચા મસ્તકે ઉભો રહી શકતો હોય, ગતિ કરી શકતો હોય તો માત્ર ચરણના આધારે. પગ જેના સીધા પડે એને સમાજ પૂજે અને પગ જેના વાંકા પડે (નશાબાજ, ચારિત્ર્યહીન) એનાથી સમાજ દૂર ભાગે. આમ ચરણને સીધા રાખવા, અને સાચવવા એ દરેક વ્યક્તિની ફરજ છે.

સમાજમાં જેટલા સંતો, પ્રણામને લાયક છે એ સંતોના દર્શને જ્યારે જઇએ છીએ ત્યારે એમના ચરણ સ્પર્શથી ધન્યતા અનુભવાય છે. આ ચરણ. જે પુણ્યતા, પવિત્રતા, સંસ્કાર, શક્તિ-પ્રદાન, તથા આચરણનું પ્રતિક છે એને સાચવવાં, સંતો અથાગ પ્રયત્ન કરતાં હોય છે.

આજના યુગના ક્રાંતિકારી સંત, પરમ પૂજ્ય રાજયોગીજીના ચરણોને, ગુરૂ પૂર્ણિમા તથા માનવતાદિન સિવાય, આવરણમાં રખાય છે. ક્યારેક વિચાર આવે કે આમ કેમ ? મારી દૃષ્ટિએ, એના કારણો સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧) પ્રથમ કહ્યું તેમ, આ તો ક્રાંતિકારી સંત છે. એમના ભક્તોને એમણે હંમેશા કાંઇક આપ્યું છે. સામાન્ય સંજોગોમાં સંતના પ્રણામ કરતી વખતે આશિષ આપતા હાથ સિવાય કશું મળતું નથી. અહીં પૂજ્ય રાજયોગીજી નવસૂત્ર આપે છે કે, મારા ચરણમાં રહેવું હોય તો નવસૂત્રનું પાલન કરો.

(૨) પૂજ્ય રાજયોગીજીના ચરણને સ્પર્શ કરવો હોય તો માનવતાને નમન કરો, માનવ બનતાં શીખો અને માટે જ માનવતા વ્રતનું પાલન કરો.

(૩) પૂજ્યશ્રી હંમેશા કહેતાં આવ્યા છે કે, મન-વચન-કર્મની પવિત્રતા અને ઐકયતા રાખો. જ્યારે પૂજ્યશ્રીના ચરણ વંદન કરો છો ત્યારે, ચરણને વંદન એટલે અમારૂં આચરણ અર્થાત્ કર્મ પવિત્ર રાખજો, પછી ગુરૂદેવની દૃષ્ટિ આપના પર પડે એટલે મનની સફાઇ કરતાં રહેજો અને પૂજ્યશ્રીનું સ્મિત એટલે હસતાં રહેજો પણ જીવનમાં બને તેટલું ઓછું બોલજો.

પૂજ્યશ્રીના ચરણને આવરણ એટલા માટે કે, જીવનમાં ચાહે તમે નવસૂત્ર અપનાવ્યા હોય, માનવતા વ્રતનું પાલન કરતાં હો, તો આ સદ્‌ગુણો પર આવરણ રાખજો. એને પ્રદર્શનની ચીજ ન બનાવતાં, એને અનુભવનું માધ્યમ થવા દેજો. આધ્યાત્મિકતાના માર્ગ પર તમે માંડેલા એક એક કદમને હંમેશા આવરણ યુક્ત એટલે ગુપ્ત રાખજો.

ગુરૂપૂર્ણિમા અને માનવતાદિન આ બંને દિવસોએ પૂજ્યશ્રીના ચરણનો સીધો સ્પર્શ એટલા માટે કે આ બંને આપણી શ્રધ્ધા અને શરણાગતિના ઉત્સવ છે.આપણા સંકલ્પને, મનોબળને અને આચરણને પૂજ્યશ્રીના શક્તિ સ્ત્રોત એટલે ચરણ સ્પર્શથી સીધા આશીર્વાદ છે.

આપણે પૂજ્યશ્રીને પ્રાર્થના કરીએ કે, અમારા મન મંદિરમાં અને હૃદય સિંહાસન પર, આપના આવરણ રહિત ચરણની કૃપા હંમેશાં અંકિત રહે અને આશીર્વાદ ગંગામાં હંમેશ અમે પવિત્ર સ્નાન કરતાં રહીએ.

ૐ મા ૐ



Scanned by CamScanner

# અહમ્‌ની પ્રશ્નોત્તરી

**પ્રશ્ન-૧. અહમ્ એટલે શું ? વિસ્તૃત ખ્યાલ આપવા વિનંતી.**

**જવાબ-૧.** અહમ્, અહંકાર, મદ, ગર્વ, અભિમાન વિગેરે સમાનાર્થી શબ્દો છે. 'હું પણાની સતત જાગૃતિ અને વિવેક, વિનમ્રતાની બાદબાકી જેના જીવનમાં, જેના વ્યક્તિત્વમાં છવાઇ ગઇ હોય ત્યાં અહમ્‌નો પ્રતિપળ અહેસાસ થયા કરે છે.

**પ્રશ્ન-૨. સ્વાભિમાન અને અહમ્ બંનેની સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં અનિવાર્યતા તથા બિનઉપયોગિતા કેટલી ?**

**જવાબ-૨.** સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં જ્યાં વિકાસ, પ્રગતિ, રક્ષણ, ચર્ચા વિગેરે પ્રસંગો ઉપસ્થિત થતા હોય ત્યારે વ્યક્તિમાં રહેલી કુટુંબ, સમાજ, દેશ અને ધર્મ પ્રત્યેની લાગણી, પ્રેમ, ફરજ તેના સ્વાભિમાનને ઝંકૃત કરે છે અને સ્વાભિમાનમાંથી સ્વાર્પણ-ફનાગીરીની ભાવના વહેતી થાય છે. અહમ્‌નું વહેણ સ્વાભિમાનમાં પરિવર્તિત થઇ જાય છે.

**પ્રશ્ન-૩. અતૃપ્ત ઇચ્છાની પૂર્તિ માટે પ્રેતાત્મા દ્વારા થતી પજવણી અહમ્‌નો ભાગ છે? અને હા, તો પ્રેતાત્માના અહમ્‌નો પ્રકાર ક્યો ?**

**જવાબ-૩.** અતૃપ્ત ઇચ્છાની પૂર્તિ માટે પ્રેતાત્મા હોય કે જીવાત્મા હોય, અસંતોષ અને વાસના મુખ્ય કારણ છે. વાસના-એષણા સંતોષવા માટેનો દરેક આત્માનો પોતાનો આગવો, સંસ્કારજન્ય પ્રયત્ન હોય, સામ, દામ, દંડ, ભેદ આમાંની કોઇપણ એક કે વધુ નીતિ અપનાવીને સંતોષ મેળવવા પ્રયત્ન થાય.

**પ્રશ્ન-૪. ક્યારેક એવું મનાય છે કે, અમુક કાર્ય ન થતાં કે પધ્ધત્તિસર ન કરતાં દેવોને વાંકુ પડે છે, તો આ દેવોનો અહમ્ કહેવાય ?**

**જવાબ-૪.** દેવોને વાંકુ પડે છે એ માન્યતા આપણા ભીરૂ વિચારો, તરંગોનું પ્રતિબિંબ છે. કોઇપણ કાર્ય કે વિચારોના આચરણમાં આપણો પ્રેમ, નિઃસ્વાર્થભાવ, ભળવો જોઇએ. વિદુરજીની ભાજી અને સુદામાના તાંદુલ આરોગવા પાછળ પ્રેમની, ભાવની મીઠાશ હતી. આપણા વાણી, વર્તન, વ્યવહારની મલિનતાથી સાત્વિક આત્માઓ, વડીલો, સંતો કે જેઓ દેવસમાન છે, દૈવી ગુણોથી સંપન્ન છે, આદરણીય છે તેઓના દિલ દુભાય. પરંતુ આ વંદનીય મહાનુભાવો તો હંમેશાં ક્ષમાવાન, દયાવાન હોય છે. અહમ્ તેમનામાં પ્રવેશી શકતો નથી.

આપણા સંકલ્પ અને અપેક્ષા પ્રમાણે આપણે કાર્ય ન કરીએ તો આપણો અંતરાત્મા જ આપણને ડંખે છે. અને વ્યક્તિ જાતેજ બેચેન, દુઃખી થાય છે.

**પ્રશ્ન-૫. શિષ્યની ગુરૂ સાથેની નિકટતા પણ અહમ્ પ્રદર્શિત કરે છે તો આ અહમ્‌ને સમાપ્ત કરવા શું કરવું જોઇએ ?**

**જવાબ-૫.** શિષ્યમાં અહમ્ પ્રવેશે તો તેનું શિષ્યત્વ સમાપ્ત થઇ જાય. ગુરૂ શિષ્યના સબંધમાં અહમ્‌ને સ્થાન ન હોય. સંપૂર્ણ શરણાગતિ શિષ્યનું ગુરૂ પ્રત્યેનું પ્રથમ અને આવશ્યક સોપાન છે.

ગુરૂ શિષ્યના આત્મિક, આધ્યાત્મિક સંબંધો હોવા જોઇએ. શિષ્યની ગુરૂ પ્રત્યેની આત્મિયતા હોય તો જ નિકટતા કેળવી શકાય, અને ત્યારેજ ગુરૂત્વતાના દર્શન થાય.

ગુરૂ પ્રત્યેની નિકટતાનો નાતો જો શિષ્યમાં અહમ્ ભાવ પોષે, માલિકી પણાનો ભાવ પોષાય, ભૌતિક અપેક્ષાઓ રાખવામાં આવે તો શિષ્યનું શિષ્યત્વ નષ્ટ પામે છે.



Scanned by CamScanner

**પ્રશ્ન-૬. નમ્રતાનું પણ અભિમાન હોય છે. સદ્‌ગુણ પરના અહમ્ કલંકને કેવી રીતે મટાય ?**

**જવાબ-૬.** સદ્‌ગુણોનું અહમ્ મનુષ્યને દેવત્વ તરફ પ્રયાણ કરવામાં અવરોધક બને છે. અહમ્‌ને માપી શકાય નહિ પણ નાથી શકાય.

મનોનિગ્રહ, સ્વમૂલ્યાંકન, સત્સંગ અને સદ્‌ગુરૂનું શરણ અહમ્ હટાવવામાં, નાથવામાં મદદરૂપ થઇ શકે.

**પ્રશ્ન-૭. ક્યા ક્યા ક્ષેત્રોમાં અહમ્ આવકારદાયક ગણાય ? અને કેટલી માત્રા સુધી ? દા. ત. દેશાભિમાન આવકારદાયક છે.**

**જવાબ-૭.** અહમ્ એ દુર્ગુણ છે. આસુરી વૃત્તિ છે એટલે કોઇપણ ક્ષેત્રમાં અહમ્ આવકારદાયક ગણાય નહિં. દેશાભિમાન, ધર્માભિમાન, કુલાભિમાન, વિગેરે સ્વાભિમાનના અંશો છે. જે ફરજ, પ્રેમ, ભાવના, સ્વાર્પણ, ફનાગીરી વિગેરેમાંથી ઝંકૃત થાય છે. અંતરનો અવાજ અને તેની તીવ્રતા વ્યક્તિના સ્વાભિમાનની માત્રાને નક્કી કરી શકે.

**પ્રશ્ન-૮. ભક્તો દ્વારા પરમ સાથે અપનાવાતું જક્કી વલણ, કે "આટલું કાર્ય કરવું જ પડશે", આ હઠ શરણાગતિની માત્રા છે કે આધ્યાત્મિક ઉન્નતિનું અહમ્ ? ઇશ્વર ક્યારે આવા અહમ્ સામે ઝુકતો નથી ?**

**જવાબ-૮.** સાધકો, ઉપાસકો દ્વારા પોતાના તપ કે સાધનાની શક્તિ દ્વારા પરમાત્મા પાસે વરદાન માંગવાનો પ્રયાસ કે હઠાગ્રહ એ સાધકની ભૌતિક જીજિવિષાને સંતોષવાનો આયાસ કહેવાય.

અસુરો તપ કરીને, દેવોને રીઝવીને, પ્રસન્ન કરે છે અને મનવાંચ્છિત વરદાન માંગી પોતાની એષણાઓ સંતોષતા હતા.ભક્તો ક્યારેય હઠાગ્રહ ન કરે. ભક્તો તો પરમાત્માની મરજીને જ સર્વોપરી ગણે છે. ભકતને કશું જ માંગવાનું રહેતું નથી. ભક્ત અને ભગવાનના સંબંધમાં, ભગવાન ભક્તની ભલાઇ અને જરૂરિયાત માટે સતત જાગૃત હોય છે અને મા જેમ બાળકની જરૂરિયાતો સંતોષે, તે પ્રમાણે યથા સમયે તેની જરૂરિયાતો સંતોષે છે

સાચા ભક્તો પરમાત્મા સાથે બાળભાવ, સખાભાવ, દાસ્યભાવ કે વાત્સલ્યભાવ કેળવતા હોય છે. સાચા ભક્તો ભગવાન પાસે ક્યારેય કશું જ માગતા નથી. ન્યોચ્છાવરી અને અદ્વૈતભાવે ભક્તિ કરે છે. પરમાત્મા આવા ભક્તોની જીવનયાત્રાના રાહબર, સુકાની બની રહે છે.

**પ્રશ્ન-૯. નવસુત્રોમાં આપે અહમનો ત્યાગ કહ્યો છે. આપેજ કહેલા આઠ અહમ્‌માંથી કયો અહમ્ આપના ભક્તોમાં સામાન્ય પણે દષ્ટિગોચર થતો આપે જોયો છે.**

**જવાબ-૯.** દરેક ભક્તની વ્યક્તિગત એષણા પ્રમાણે એક અથવા વધુ પ્રકારના અહમ્ દષ્ટિગોચર થાય છે. વળી તેના પ્રકારો બદલાતા પણ રહે છે. આઠમો પ્રકાર "મને અહમ્ નથી" સામાન્ય પ્રમાણે વધારે અનુભવાય છે. 'મને અહમ્ નથી' એવું કહેવા પાછળ અહમ્ ડોકાયા કરતો હોય છે.

- દરેક વ્યક્તિએ અહમ્ ત્યજી વિનમ્ર અને વિવેકી બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**પ્રશ્ન-૧૦. ગૌરવ અને અહમ્ બંનેને જુદા પાડીને સમજાવશો ? સુપુત્ર માટે માતાપિતાને ગૌરવ હોય, સદ્‌ગુરૂના શરણનું ગૌરવ હોય, ગુરૂદેવના સામર્થ્યનું અભિમાન પણ હોય તો ગુરૂ શિષ્ય, પિતા પુત્ર વગેરેમાં ગૌરવની સીમા ક્યાં સુધી અપેક્ષિત છે ?**

**જવાબ-૧૦.** ગૌરવ એટલે પોતાનું કે અન્યનું કુટુંબ, સમાજ, ધર્મ, રાષ્ટ્ર કે વૈશ્વિક સ્તરે શુભ કાર્ય, શુભ વર્તન, શુભ વાણી, શુભ વ્યવહાર દ્વારા રચનાત્મક, રક્ષણાત્મક, ઉન્નતિ પ્રેરક, કે ક્રાંતિકારી કાર્ય થયું



Scanned by CamScanner

હોય કે થતું હોય તો તેને બિરદાવવા માટે અહોભાવ વ્યક્ત કરવા માટે કે આનંદને અભિવ્યક્ત કરવા માટે ગૌરવની લાગણી અનુભવાય છે. અભિવ્યક્ત થાય છે. અહોભાવ વ્યક્ત કરતી વખતે અંતરના ઊંડાણમાંથી, સમસ્ત અસ્તિત્વમાંથી નિર્દોષ આનંદ ઉભરાય છે.

ગૌરવની લાગણી અભિવ્યક્ત કરવાથી જે તે વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ જે ગૌરવ પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી બન્યા છે તેમને તેમના કાર્યમાં પ્રોત્સાહન મળે છે, આત્મ સંતોષ અનુભવાય છે, કાર્યને આગળ ધપાવવામાં પ્રેરક બળ મળે છે.

અહમ્ એ 'હું' પણાના ભાવ સાથે આત્મ શ્રધ્ધામાં પરિણમે છે, જે પોતાના ખુશામતિયાઓના વર્તુળની બહાર આવકાર્ય કે પ્રોત્સાહક બની શકતું નથી. વ્યક્તિ જ્યારે પોતાને જ કેન્દ્રમાં રાખીને કાર્ય કરે ત્યારે તે પોતાના અહમ્‌ને પોષતો રહે છે, અને અન્ય દુર્વૃત્તિઓને પ્રવેશ તેનામાં થતો રહે છે અને અધઃપતનની ગર્તામાં ધકેલાતો જાય છે.

ગુરૂ-શિષ્ય, પિતા-પુત્ર કે કોઇ પણ સબંધમાં વ્યક્તિના રચનાત્મક કે ઉન્નતિના કાર્યોમાં ગૌરવને અભિવ્યક્ત કરવાની સાથે સાથે આગળ વધવા માટે પ્રોત્સાહન, માર્ગદર્શન, મદદ અતિ આવશ્યક છે.

**પ્રશ્ન-૧૧. આપના ભક્તોને વધારે ગૌરવશાળી બનાવવા આપનો કોઇ આદેશ છે ?**

**જવાબ-૧૧.** અહમ્‌નો ત્યાગ કરી, વિનમ્રતા, વિનય, વિવેકને જીવનમાં અપનાવીને, આત્મસાત કરીને, માનવતાને મહેંકાવીએ તો જ જીવન ગૌરવશાળી બને.

**પ્રશ્ન-૧૨. અહમ્ ત્યાગના સૂત્ર પાછળ રહેલી ભૂમિકા કૃપા કરી સમજાવવા વિનંતી.**

**જવાબ-૧૨.** વ્યક્તિના સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વમાંથી મિથ્યા અહમ્ વિદાય થાય તો જ નમ્રતા, વિવેક અને વિનયને પ્રવેશ મળે અને સાથે સાથે બીજા સમોવડીયા સદ્‌ગુણોનો સાથ મળે, જેથી માનવમાં માનવતા પ્રગટે અને પ્રસરે. આમ માનવતાથી સભર વ્યક્તિ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે માનવતાને મહેંકાવી શકે, વિશ્વશાંતિનો સહભાગી બની શકે.

**પ્રશ્ન-૧૩. અહમ્ અને સાત્વિક અહમ્ વચ્ચે શો ભેદ છે ?**

**જવાબ-૧૩.** અહમ્ મનુષ્યમાં રહેલી ષડ્‌વૃત્તિઓમાંની એક દુર્વૃતિ છે. અહમ્ સાત્વિક હોઇ શકે નહિં.

**પ્રશ્ન-૧૪. અહમ્ મનુષ્યમાં હોય છે કે સર્વ જીવોમાં હોય છે ?**

**જવાબ-૧૪.** અહમ્ મનુષ્યમાં જ હોય છે. અન્ય જીવોમાં ક્રોધ અને ઇર્ષ્યા પ્રવર્તમાન હોય છે.

**પ્રશ્ન-૧૫. અહમ્‌ની ઉત્પતિ કુદરતી છે કે મનુષ્ય પોતાની જાતે સર્જે છે ? અહમ્ ઉદભવવાનું કારણ શું હોઇ શકે ?**

**જવાબ-૧૫.** મન, બુધ્ધિ અને અહંકાર મનુષ્ય જીવન સાથે સંકળાયેલ માયાના અંગો છે. જે કુદરતી છે. માયામાં અટવાયેલ મનુષ્યમાં અહમ્ ઉદભવે છે. ષડ્‌વૃતિઓ પર મનનું નિયંત્રણ રહે નહિં, મનુષ્ય મનોનિગ્રહ કરવામાં અસફળ થાય તો અહમ્ ઉદભવે. લઘુતાગ્રંથી અને અભાવોથી પીડાતી વ્યક્તિમાં અહમ્ ઉદ્‌ભવે છે.

**પ્રશ્ન-૧૬. અભિમાનને અહમ્ કહી શકાય ? વિસ્તારથી સમજાવવા વિનંતી.**

**જવાબ-૧૬.** અભિમાન અને અહમ્ એક બીજાના પર્યાય છે. સામાન્ય વ્યક્તિને પોતાના રૂપનું, બળનું, આવડતનું અભિમાન હોય છે. પોતાની અનિવાર્યતાનો અહેસાસ અને ખ્યાલ વ્યક્તિને સતત રહ્યા કરૂ, અને 'હું' પણાના ભારમાં તે સતત રાચ્યા કરે.

આ મનુષ્યમાં રહેલી એક દુર્વૃતિ છે.



Scanned by CamScanner

**પ્રશ્ન-૧૭. સુક્ષ્માતિ સુક્ષ્મ અહમ્ અને અહમ્ આપણામાં લેશમાત્ર પણ ઉદ્ભવી ના શકે તે માટે શું કરવું ?**

**જવાબ-૧૭.** આપણું સમસ્ત અસ્તિત્વ પરમની કૃપા માત્ર જ છે અને જીવનની દરેક ક્ષણ પ્રભુ પ્રિત્યર્થે જ પસાર કરવામાં આવે તો જ અહમ્ ઉદ્ભવી શકે નહિ.

**પ્રશ્ન-૧૮. આધ્યાત્મિકતા કે જ્ઞાનની પરાકાષ્ટાએ પહોંચેલ વ્યક્તિને પણ અહમ્ કેમ ભરખી જાય છે ? શું તે પરમની કસોટી, આકરી કસોટી હોઇ શકે ?**

**જવાબ-૧૮.** આધ્યાત્મિકતા અને જ્ઞાનની પરાકાષ્ટાએ પહોંચેલ વ્યક્તિમાંથી અહમ્ ત્યારે જ નીકળે જ્યારે તે આંતર્મુખી બંને, સહનશીલતા, વિનય અને વિવેક શીખે, અને આચરણમાં મૂકે. આંતર શુધ્ધિ થાય તો જ અધ્યાત્મ અને જ્ઞાનનો બોજ ન લાગે. પોતે પરમાત્માના કાર્યોમાં એક માધ્યમ માત્ર જ છે એવો ભાવ કેળવાય તો અહમ્ સ્પર્શી શકે નહિં, ભરખી શકે નહિં.

પરમાત્મા પરીક્ષા નથી કરતા પરંતુ જગત આવી વ્યક્તિઓના અહમ્‌ને પહેચાની જાય છે અને પ્રસંગોપાત કસોટી કરતું રહે છે.

**પ્રશ્ન-૧૯. અહમ્ કોને કહી શકાય? એક વ્યક્તિ માટે જે અહમ્ નથી તે બીજી વ્યક્તિ માટે અહમ્ છે.**

**જવાબ-૧૯.** વ્યક્તિના જીવનમાં "મેં કર્યું", 'હું પદ' નો ભાવ અગ્રસ્થાને હોય. અહમ્‌ના સંતોષ માટે જીવનના નૈતિક મૂલ્યોને અવગણવામાં આવે. અહમ્‌ની પરિપૂર્ણતા અર્થે વ્યક્તિ અન્ય દુર્વૃતિઓનો આશરો લે છે. અને અંતે અધઃપતનને નોતરે છે. દરેક વ્યક્તિની એષણાઓ જુદી જુદી હોય જેથી અહમ્‌ની ઉપસ્થિતિ દરેક વ્યક્તિમાં જુદી જુદી હોય.

**પ્રશ્ન-૨૦. ગર્વ અને અહમ્ વચ્ચેનો ભેદ સમજાવવા વિનંતી ?**

**જવાબ-૨૦.** ગર્વ અને અહમ્ એક બીજાના પર્યાય છે. માણસને રૂપ અને ગુણનો ગર્વ હોય, અભિમાન હોય, 'મારા જેવું કોઇ નથી' તેવો ભાવ સતત રહે જેના કારણે તે અન્ય વ્યક્તિને નિમ્નકક્ષાની ગણે, તેની અવગણના કરે. અહમ્‌માં 'સ્વ' ને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે છે, 'સ્વ' ની અનિવાર્યતા પ્રસ્થાપિત કરવાનો સતત પ્રયત્ન થતો રહે છે.

**ઉપસંહાર :-** ઘણા ભક્તો ઉપાસકો વિચારે છે અને મને કહે છે પણ ખરા કે "અમે ભગવાનની માતાજીની બહુ જ ભક્તિ કરી, ઘણા અનુષ્ઠાન કર્યા, ઘણો સત્સંગ કર્યો, કથાવાર્તા સાંભળી, બાધા આખડીઓ રાખી પરંતુ પરમાત્માના દર્શન થતાં નથી, પરમાત્માને મળવાનો યોગ આવતો નથી. હજુ કેટલું પુણ્ય કમાવાનું બાકી છે?

'મેં કર્યું' આ ભાવ જ તમારી અક્કડાઇ બતાવે છે. "મેં આટલું બધું કર્યું છતાં પરમાત્મા ન મળ્યા" પણ ક્યાંથી મળે ? 'હું' ને ભુલો તો પરમાત્મા મળેને ! શુભ કર્મોની ગણતરી કરીને તમે તમારા અહંકારને બહુ ઉંચો ચઢાવો છો.

સાચો ભક્ત પરમાત્મામાં પાગલ બની જાય છે. તે તેના કર્મોની મંત્રજાપ, અનુષ્ઠાન, વિધિવિધાનની ગણતરીઓ કરતો નથી.

શરણાગત ભક્ત કશું જ કરતો નથી. 'મેં' કર્યાનો ભાવ તેનામાં લેશ માત્ર હોતો નથી. તે તો માને છે કે, પરમાત્માએ તેના નિર્મિત કાર્યો માટે મને સાધન માત્ર બનાવ્યો, મને માધ્યમ બનાવી પરમાત્માએ મારા પર કૃપા વરસાવી.

ૐ મા ૐ



Scanned by CamScanner

## સમાચાર -૧

**૧. સુરત.**

૧. તા. ૨૪-૧૦-૯૮ શનિવાર અમદાવાદ થી સુરત. શતાબ્દિમાં
૨. તા. ૨૫-૧૦-૯૮ રવિવાર લાભપાંચમ સુરત.
૩. તા. ૨૬-૧૦-૯૮ સોમવાર ૧૨-૪ કાર્યયજ્ઞ સુરત.
તા. ૨૭-૧૦-૯૮ મંગળવાર ૧૨-૪ કાર્યયજ્ઞ સુરત.
૪. તા. ૨૮-૧૦-૯૮ બુધવાર સુરત થી અમદાવાદ. By Road

**૨. નાગપુર.**

૧. તા. ૩૦-૧૦-૯૮ શુક્રવાર અમદાવાદ થી મુંબઇ થી નાગપુર. By Air
૨. તા. ૩૧-૧૦-૯૮ શનિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ નાગપુર
તા. ૦૧-૧૧-૯૮ રવિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ નાગપુર
૩. તા. ૦૨-૧૧-૯૮ સોમવાર નાગપુર
તા. ૦૩-૧૧-૯૮ મંગળવાર નાગપુર
તા. ૦૪-૧૧-૯૮ બુધવાર નાગપુર
૪. તા. ૦૫-૧૧-૯૮ ગુરૂવાર સાંજે નાગપુર થી મુંબઇ By Jet Air

**૩. મુંબઇ.**

૧. તા. ૦૭-૧૧-૯૮ શનિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ મુંબઇ, ગોવિંદધામ મંદિર, શાન્તક્રુઝ.
૨. તા. ૦૮-૧૧-૯૮ રવિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ મુંબઇ, લક્ષ્મીબાગ, ઓપેરા હાઉસ, મુંબઇ.
૩. તા. ૦૯-૧૧-૯૮ સોમવાર સાંજે મુંબઇ થી અમદાવાદ By Air

**તા. ૧૭-૧૦-૯૮ થી તા. ૧૧-૧૧-૯૮ દિવાળીની રજાઓ તથા સુરત, નાગપુર, મુંબઇનો કાર્યયજ્ઞ હોવાથી નિલોષા બંધ રહેશે.**

**તા. ૧૨-૧૧-૯૮ ગુરૂવારથી નિલોષા મુલાકાત ચાલુ થશે.**

## સમાચાર - ૨ - ૧૯૯૯ કાર્યયજ્ઞ

**૧. સુરત.**

૧. તા. ૧૯-૦૨-૯૯ શુક્રવાર અમદાવાદ થી સુરત.
૨. તા. ૨૦-૦૨-૯૯ શનિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ સુરત.
તા. ૨૧-૦૨-૯૯ રવિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ સુરત.
૩. તા. ૨૨-૦૨-૯૯ સોમવાર સુરત થી અમદાવાદ.

**૨. મુંબઇ.**

૧. તા. ૨૬-૦૨-૯૯ શુક્રવાર અમદાવાદ થી મુંબઇ.
૨. તા. ૨૭-૦૨-૯૯ શનિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ મુંબઇ, ગોવિંદધામ મંદિર, શાન્તક્રુઝ.
૩. તા. ૨૮-૦૨-૯૯ રવિવાર ૧૨-૪ કાર્યયજ્ઞ મુંબઇ, લક્ષ્મીબાગ, ઓપેરા હાઉસ, મુંબઇ.
તા. ૦૧-૦૩-૯૯ સોમવાર મુંબઇ થી અમદાવાદ By Air

**તા. ૧૮-૦૨-૯૯ થી તા. ૦૩-૦૩-૯૯ સુધી નિલોષા બંધ રહેશે.**

**તા. ૦૪-૦૩-૯૯ થી નિલોષા મુલાકાત ચાલુ થશે.**



Scanned by CamScanner

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૩-૧૨-૯૮ | રવિવાર | - | અમદાવાદ થી મુંબઇ. | | |
| ૧૪-૧૨-૯૮ | સોમવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૫-૧૨-૯૮ | મંગળવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૬-૧૨-૯૮ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૭-૧૨-૯૮ | ગુરૂવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૮-૧૨-૯૮ | શુક્રવાર | - | લેસ્ટર થી લંડન. | | |
| ૧૯-૧૨-૯૮ | શનિવાર | ૪ - ૭ સાંજે | અમરતલાલ પોપટ | વેમ્બલી | ૦૧૮૧-૯૦૨-૩૦૨૦ |
| ૨૦-૧૨-૯૮ | રવિવાર | ૪ - ૭ સાંજે | અમરતલાલ પાપટ | વેમ્બલી | ૦૧૮૧-૯૦૨-૩૦૨૦ |
| ૨૧-૧૨-૯૮ | સોમવાર | ૩ - ૪ સાંજે | જ્યોતિબેન | કોયડન | ૦૧૮૧-૬૭૯-૮૬૬૮ |
| ૨૨-૧૨-૯૮ | મંગળવાર | - | લંડન થી લેસ્ટર. | | |
| ૨૩-૧૨-૯૮ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૪-૧૨-૯૮ | ગુરૂવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૫-૧૨-૯૮ | શુક્રવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૬-૧૨-૯૮ | શનિવાર | ૪ - ૭ સાંજે | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૭-૧૨-૯૮ | રવિવાર | ૪ - ૭ સાંજે | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૮-૧૨-૯૮ | સોમાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૯-૧૨-૯૮ | મંગળવાર | - | લંડન થી ન્યુજર્સી યુ. એસ. એ. | | |

Scanned by CamScanner

પ્રદીપભાઈ વડેરા
૦૦૪૪ ૧૧૬ ૨૩૫૪૬૧૧

## પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૨-૯૮ | બુધવાર | - | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૩૧-૧૨-૯૮ | ગુરૂવાર | - | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૦૧-૦૧-૯૯ | શુક્રવાર | - | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૦૨-૦૧-૯૯ | શનિવાર | ૫ - ૭ સાંજે | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૦૩-૦૧-૯૯ | રવિવાર | ૫ - ૭ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીઅન સીટી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૦૪-૦૧-૯૯ | સોમવાર | - | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૦૫-૦૧-૯૯ | મંગળવાર | - | ન્યુજર્સી થી શીકાગો. | | |
| ૦૫-૦૧-૯૯ | મંગળવાર | ૬ - ૮ સાંજે | કાંતિભાઇ પટેલ | ઇલ્કગ્રોવ વીલેજ | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૦૬-૦૧-૯૯ | બુધવાર | ૬ - ૮ સાંજે | કાંતિભાઇ પટેલ | ઇલ્કગ્રોવ વીલેજ | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૦૭-૦૧-૯૯ | ગુરૂવાર | ૬ - ૮ સાંજે | શીલુભાઇ અગ્રવાલ | બારરીજ ઇલી. | ૬૩૦-૪૫૫-૯૦૨૬ |
| ૦૮-૦૧-૯૯ | શુક્રવાર | - | શીકાગો થી ન્યુજર્સી | | |
| ૦૯-૦૧-૯૯ | શનિવાર | - | દેવબાળાબેન પટેલ | કૉલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૧૦-૦૧-૯૯ | રવિવાર | - | ન્યુજર્સી યુ. એસ. એ. થી લંડન યુ. કે. | | |

## પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૧-૦૧-૯૯ | સોમવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧ |
| ૧૨-૦૧-૯૯ | મંગળવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧ |
| ૧૩-૦૧-૯૯ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧ |
| ૧૪-૦૧-૯૯ | ગુરૂવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧ |
| ૨૨-૦૧-૯૯ | શુક્રવાર | - | લંડન યુ. કે. થી મુંબઇ ઇન્ડીયા. | | |
| ૨૩-૦૧-૯૯ | શનિવાર | - | મુંબઇ થી અમદાવાદ. | | |

**તા. ૧૨-૧૨-૯૮ થી તા. ૨૭-૦૧-૯૯ સુધી નિલોષા બંધ રહેશે.**

**તા. ૨૮-૦૧-૯૯ થી નિલોષા મુલાકાત ચાલુ થશે.**

Scanned by CamScanner